॥ હરિઃૐ ॥

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજ

વર્ષ : ૧૩ • અંક : ૪ • જુલાઈ - ઓગસ્ટ ૨૦૧૮




ગુરુપૂર્ણિમા
તા. ૨૭-૭-૨૦૧૮

## ગુરુપ્રેમનું મહત્ત્વ

"જેમ સંપર્ક કે સંબંધ એકલાથી આપણને સામી વ્યક્તિનું ચિંત્વન થતું નથી. પણ એમાં જ્યારે રાગ કે આસક્તિ પ્રગટે છે, ત્યારે તે વ્યક્તિનું ચિંત્વન થયાં કરે છે – ને જેમ રાગ વધારે તેમ ચિંત્વન પણ એકાત્મ ભાવનાનું વધારે રહે છે – તેમજ એવા સંતાત્મા – ગુરુ પ્રત્યે પણ જો ખૂબ પ્રેમ જામ્યા કરે તો એનું ચિંત્વન પણ જરૂર સવિશેષ રહ્યા કરે છે. ગુરુ પ્રત્યેના પ્રેમનો હેતુ Consciousness – જગાડવાનો, જગાડીને ક્રિયાત્મક બનાવવાનો અને તેમ થતાં થતાં આપણું સર્વાંશે દિવ્ય રૂપાંતર થવાનું છે. તેથી ગુરુ પ્રત્યેનો પ્રેમ ઉત્કટ હોવો જોઈએ, એટલું જ નહીં પણ એના પ્રત્યેની ભાવનામાં આપણી જીવતી-જાગતી (Consciousness)- ચેતના, પણ રહેવી જોઈએ. એ સંબંધના હેતુમાં પણ પૂરેપૂરી રીતે સતત ભાવ અને જ્ઞાન હોવાં જોઈએ. હેતુનાં આવાં ભાન અને જ્ઞાન ઉપરાંત ગુરુ પ્રત્યેનો આપણો ભાવ Responsive and receptive (ક્રિયાત્મક સહકારવાળો અને ગ્રહણાત્મક) હોવો જોઈએ. ખરી આતુરતાવાળાં વલણ, વૃત્તિ અને દૃષ્ટિ આપણામાં કેન્દ્રિત અને હૃદયસ્થ રહેવાં જોઈએ."

– 'જીવનસંદેશ' : પૃ. ૨૮



શ્રીસદ્‌ગુરુ પદે મૂક્યું માથું જેણે નમાવીને, જે તે કંઈ બધું તેનું તત્પર કરવા જ તે,
ગરુડે ચઢી વ્‌હારે તે તત્કાળ ઊડીને તહી જવા પહોંચી શી ઐને છે, તાલાવેલી જ દિલથી !

- શ્રીસદ્‌ગુરુ, પૃ. ૯૯

● વેબસાઈટ-ઈ-મેઈલ ●
www.hariomashram.org
hariomashram1@gmail.com

ટ્રસ્ટી મંડળ

શ્રી ગૌતમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ

લવાજમ દર

વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-
દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-

હરિઃૐ ગુંજ અંગે

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે ચેક અથવા મનીઑર્ડરથી કે ચેક/ડી.ડી./ઈ-બેંકિંગ મારફતે આશ્રમના સરનામે મોકલવા વિનંતી.

(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.

૨. હરિઃૐ આશ્રમ,
પો.બો.નં. ૭૪, નડિયાદ,
પીન કોડ : ૩૮૭૦૦૧.
મો. ૭૮૭૮૦૪૬૨૮૮

● ટાઈપસેટિંગ ●
સત્યમ કમ્પ્યુટર,
અમદાવાદ

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજ

અંક : ૪ દ્વિમાસિક-સામયિક જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૮

## નમ્ર નિવેદન...

સર્વ સ્વજનો, સાધકો, ભાવકો તથા જિજ્ઞાસુ વાચકબંધુઓ સૌને હરિઃૐ સાથે નમ્રભાવે પ્રાર્થના, અમારો નમ્ર પ્રયાસ પૂ. શ્રીમોટાના અનુભવસાગર અને સાહિત્ય સર્જનના મહાસાગરમાંથી વીણેલાં મોતીની લઘુ પુસ્તિકા સ્વરૂપે દ્વિમાસિક અંકથી આપ સમક્ષ ચરણામૃતના આચમન માટે ઉપલબ્ધ થાય તે માટેનો સ્તુત્ય પ્રયાસ જ છે. સંદર્ભ માટે પુસ્તકનું નામ અને પૃષ્ઠોની માહિતી આપીએ છે. તેમાં વિવેક બુદ્ધિથી ગાગરમાં સાગર સમાવવાનો અંતઃકરણપૂર્વક પ્રયત્ન કરીએ છીએ. ગ્રંથમાંથી અક્ષરસઃ વિગતોના બદલે અમારી દૃષ્ટિએ અમુક વૈચારિક ભાવ અને વિષયને ન્યાય આપી શકાય તે રીતે તેમના સાહિત્યનો આસ્વાદ કરાવી તેમાંથી પ્રેરણામૃતનું રસપાન કરાવવાનું છે. વાચકને તેમના જીવનમાં સુખ-શાંતિ અને સાધના માર્ગનું દિશા દર્શન કરાવી શકાય. તેમ છતાં જો સ્વજનોને તેમાં કોઈ ક્ષતિ/અપૂર્તતા દેખાય તો ક્ષમ્ય ગણશો. આવેલ સૂચન અનુસાર નિષ્ઠાપૂર્વક શક્યતઃ તમામ કાળજી લીધેલ છે. સૂચનો આપવા બદલ આભાર...

પૂ. શ્રીમોટા લખે છે : માનવીના સંજોગોથી, બુદ્ધિના પ્રભાવથી, મનના ફાંકાથી, વિદ્વતાના ઘમંડથી, જીવન વ્યવહારમાં મળેલા લાભો તથા જયને જશથી, આગળ પાછળના લોકોની બોલબાલાથી, વાતાવરણ વગેરે એવા અનેક કારણોથી જીવમાં એક પ્રકારની અહંપ્રેરિત - Personalityનું - વિશિષ્ટતાયુક્ત વ્યક્તિત્વનું થર-જામે છે. અને એ જીવનમાં વિકાસપંથે ભારે અંતરાય રૂપ બની રહે છે.

"ચર્ચાનું મૂળ ઉત્પાદક કારણ અહંકાર છે. ચર્ચામાં સામા પરત્વે એક પ્રકારની સૂક્ષ્મ અનુદારતા પ્રકટેલી રહે છે. સામાને ઓળખી શકવાની શક્તિ હોયા વિના તેને વિષે જાણ્યે-અજાણ્યે આપણને એમ જાણવાનું મન થાય છે કે આપણે તેનાથી બુદ્ધિમાં અને સમજણમાં ને તેની યોગ્યતામાં ચઢિયાતા છીએ. વળી સૂક્ષ્મપણે એમાં દંભ પણ સેવાઈ જતો હોય છે. કારણ કે ચર્ચાના રસમાં તણાઈને સામી વ્યક્તિના કથનમાં જે કંઈ રહેલા સત્યને સ્વીકારવાનું અશક્ય બની જાય છે અને કોઈક વાર તે ઊંડે ઊંડે સમજાતું હોય તો પણ તેના પ્રત્યે દુર્લક્ષ કરીને આપણો કક્કો ખરો કરાવવા મથીએ છીએ. ચર્ચામાં બુદ્ધિનો દુરૂપયોગ પણ થયા કરે છે."

**(પૂ. શ્રીમોટા જીવન અને કાર્ય : પ્રથમ આવૃત્તિ પૃષ્ઠ ૫૪૯,૫૫૦)**

સંકલનકર્તાશ્રી
**ડૉ. ચંપકભાઈ ર. મોદી,**
પૂર્વાચાર્ય, મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ

માનદ્‌તંત્રીશ્રી
**રાજેન્દ્રભાઈ બી. રાવલ**
હરિઃૐ આશ્રમ, નડિયાદ

# હરિઃૐ ગુંજ

## જુલાઈ-ઓગસ્ટ ૨૦૧૮

**માનદ્‌તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ**

**❁ લેખન : સંકલન ❁**

**ડૉ. ચંપકભાઈ ર. મોદી**

**નડિયાદ.**

**❁ સંપાદન ❁**

**ડૉ. ઉષાબેન ખેર**

**ડૉ. બેલા આર. શાહ**

- **તા. ૧ થી ૫ સુધીમાં દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, નડિયાદને લેખિત જાણ કરશો.

### સાધક-લેખકોને નિમંત્રણ

પૂ. શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃૐ ગુંજ' દ્વિમાસિક સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું.

### ❁ લખાણ અંગે ❁

- શ્રીમોટાના સાહિત્ય વિષયક
- શ્રીમોટાના જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખો કે અન્ય સાહિત્યકારના અને લેખકના પોતાના અંગત વિચારો છે.

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પૂ. શ્રીમોટાનું ગુરુવિજ્ઞાન | કાર્તિકેય અ. ભટ્ટ | ૩ |
| ૨. | શ્રીમોટાનો અંતિમ આદેશ અને દેહત્યાગ | કાર્તિકેય અ. ભટ્ટ | ૭ |
| ૩. | સાધક અને સ્વજન | શ્રીમોટા | ૯ |
| ૪. | સાધક અને સાધક વચ્ચેના વર્તન-વ્યવહાર અંગે શ્રીમોટાનું દર્શન | શ્રીમોટા | ૧૧ |
| ૫. | 'સ્વજનને' | શ્રીમોટા | ૧૨ |
| ૬. | છોડો નકારાત્મક ભાવને | શ્રીમોટા | ૧૩ |
| ૭. | ઉપલબ્ધ અને ઉપદેશ | શ્રી કાર્તિકેય અ. ભટ્ટ | ૧૫ |
| ૮. | બાળકોના મોટા | મુકુલ કલાર્થી | ૧૭ |
| ૯. | પ્રા. એ.જી. ભટ્ટકૃત મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૦ |

### પૂજ્ય શ્રીમોટા દેહત્યાગ દિન

તા. ૨૩-૭-૨૦૧૮ ને સોમવાર પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ દિન નિમિત્તે એલેમ્બિકવાળા શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસ, **હરિસ્મૃતિ, ફાજલપુર, વડોદરા** મુકામે તા. ૨૨-૭-૨૦૧૮ ને રવિવાર રાત્રિના ૮-૦૦ વાગ્યાથી સવારના ૪-૦૦ વાગ્યા સુધી નરોડા, અમદાવાદના સ્વજનો દ્વારા હરિઃૐ ધૂન, નામસ્મરણ, પ્રાર્થના કરવામાં આવશે.

### ગુરુપૂર્ણિમા

તા. ૨૬-૭-૨૦૧૮ ને ગુરુવારે રાત્રિના ૮-૦૦ વાગ્યાથી સવારના ૪-૦૦ વાગ્યા સુધી ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે હરિઃૐ ધૂન - નામસ્મરણ હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે કરવામાં આવશે.
તા. ૨૭-૭-૨૦૧૮ શુક્રવાર હરિઃૐ આશ્રમ, નડિયાદ ખાતે ગુરુપૂર્ણિમા પર્વ ઉજવવામાં આવશે. જેનો વિગતવાર કાર્યક્રમ ટાઈટલ-૩ ઉપર દર્શાવેલ છે.

# ૧. શ્રીમોટાનું ગુરુવિજ્ઞાન

- કાર્તિકેય અ. ભટ્ટ

ગુરુ વિશેની વાત કોઈ વિદ્વાન-પંડિત-કથાકાર કે શાસ્ત્રોના કોઈ ઊંડા અભ્યાસી દ્વારા થાય અને આજ વિષયની વાત કે સમજ જેઓ સ્વયં ગુરુપદમાં અધિષ્ઠિત થયા હોય તેવા ગુરુજન દ્વારા, આત્મનિષ્ઠ મહાપુરુષ દ્વારા અપાય તો તે સીધે સીધી સમજણમાં ઊતરી જાય છે. મારી દૃષ્ટિએ આવી આત્મોપલબ્ધ વ્યક્તિની વાતમાં પોતાના અનુભવનો, ઉપલબ્ધિનો નિચોડ રહેલો હોય છે. આથી તે સવિશેષ મહત્ત્વની બની રહે છે. આથી આ વર્ષના ગુરુપૂર્ણિમાના શુભપ્રસંગે માનવપ્રેમી, જીવનરસિક, પ્રખર ગાંધીભક્ત, કર્મઠ, સમાજસેવક, કેળવણીકાર, આધ્યાત્મવિજ્ઞાની પરમપૂજ્ય શ્રી હરિઃૐ મોટા થકી ગુરુ વિશે અપાયેલી સમજને અત્રે પૂ. શ્રીમોટાની અનન્ય કૃપાથી પ્રસ્તુત કરું છું. નોંધપાત્ર બાબત એ છે કે શ્રીમોટાએ ''ગુરુ'' વિષેના એક વિસ્તૃત પદ્ય ગ્રંથમાં ગુરુના જુદા જુદા પાસાંઓની ચર્ચા કરી છે. પોતાના સ્વાનુભવને આધારે લખાયેલ આ પદ્ય ગ્રંથમાં ગુરુ-સદ્‌ગુરુ વિશે એવી વાતો શ્રીમોટાએ લખી છે. જેનો ઉલ્લેખ અન્ય ગુરુજનોના ગુરુ વિષેના સાહિત્યમાં થયો હોય એમ જણાયું નથી. પૂ. શ્રીમોટાના મહાસાગર જેવા ગદ્ય-પદ્ય સાહિત્યમાંથી ગુરુ વિશેનું આ લખાણ અત્રે રજૂ કર્યું છું.

આપણે ત્યાં એવા કેટલાક શિક્ષકો થઈ ગયા કે જેઓએ સાધના થકી આત્માની ઉપલબ્ધિ કરી લીધી હોય. શ્રી અરવિંદ, યોગી શ્રીકૃષ્ણપ્રેમ, સ્વામી રામતીર્થ, શ્રીરામતીર્થ, શ્રીમોટા વગેરેને આ શ્રેણીમાં મુકાય છે. પરંતુ આવા અપવાદો બાદ કરતાં શિક્ષકને ગુરુ માનવાની ભૂલ ન કરી શકાય. શ્રીમોટા લખે છે, ''વ્યાયામ શિક્ષકનું કાર્યક્ષેત્ર શરીર વિકાસ અંગેનું છે અને શિક્ષકનું કાર્ય મનોવિકાસ કે બુદ્ધિવિકાસ અંગેનું છે, પણ જ્યાં શિક્ષકનું કાર્ય સમાપ્ત થાય છે, ત્યાંથી સંત કે ગુરુનું કાર્ય શરૂ થાય છે.'' પદાર્થ વિજ્ઞાન જેવા સ્થૂળ કે અર્થશાસ્ત્ર, ન્યાય કે ફિલસૂફી જેવા સ્થૂળ વિષયની માહિતી આપવામાં જ શિક્ષકના કાર્યની પરિસીમા આવી જાય છે. બહુ બહુ તો એમ કહી શકાય કે એથી વિદ્યાર્થીની બુદ્ધિ, અવલોકનશક્તિ કે અનુમાન શક્તિનો વિકાસ થાય છે. અલબત્ત આ બધા ગુણો આધ્યાત્મિક વિકાસ માટે આવશ્યક નથી એમ તો કહેવું જ નથી, પણ એથી આધ્યાત્મિક વિકાસ થતો હોય તો તે થોડો ઘણો અને આડકતરો હોય છે. ગુરુનું કાર્યક્ષેત્ર માનવસ્વભાવનું દિવ્ય રૂપાતંર છે એમ ભાગ્યે જ કહી શકાય.'' મહેર બાબાને ટાંકીને શ્રીમોટા કહે છે, "He comes not to teach but to awaken."

પૂજ્ય શ્રીમોટા ગુરુવાદ નહીં ગુરુ તત્ત્વની વાત કરે છે. ''ગુરુ કોઈ વ્યક્તિ નથી, પણ ચેતનની અભિવ્યક્તિ છે. કેન્દ્ર અને પરિઘ વિનાનો ચેતનનો એક અનંતવ્યાપી તેજ : પુંજ છે. તે દેહધારી છે પણ સત્ત્વરૂપ બનેલો છે. આપણાં જેવો દેખાય છે, છતાં તે આપણા જેવો નથી.'' ''શ્રી સદ્‌ગુરુ'' નામની પદ્ય રચનામાં શ્રીમોટા એ ગુરુ-સદ્‌ગુરુના લક્ષણો વર્ણવ્યા છે. ''સદ્‌ગુરુની બુદ્ધિ ઋતંભરા પ્રજ્ઞા બનેલી હોય, રાગદ્વેષથી મુક્ત હોય, અગ્નિ જેવી તાલાવેલી હોય, સંપૂર્ણ નિરહંકારી હોય, સદાય ભાવનાની ટોચે જ તેમનો વાસ હોય, ભાવમાં પ્રતિષ્ઠિત વળી ભાવાતીત હોય, ચેતનાનો અખંડ પ્રવાહ હોય, નિત્ય આકાશ તત્ત્વમાં જ રહેતો હોય, નિમિત્તમાં ઓતપ્રોત છતાં તટસ્થ હોય, નરી સરળતા હોય, સંકોચ, માન, મર્યાદા, મતાગ્રહ, મડાંગાઠોનો સદંતર અભાવ હોય,

એની વાણીમાં ઓર નશો રમ્યા કરતો હોય જેનાથી દૃષ્ટિ ખુલી જાય, મનાદિકરણો નિરાગ્રહી અનાસક્ત અને મુલાયમ હોય, એને (ગુરુને) શરણે જનારને પોતાની સમકક્ષ બનાવવાનો પોતાનો ધર્મ તેને હોય. નિમિત્ત એ પૂર્વે કરેલાં કર્મના સંસ્કારનું પરિણામ છે. જે જીવદશાવાળાને પણ હોય અને અનુભવીને પણ હોય.''

''જ્ઞાનેશ્વરની ગુરુ ઉપાસના'' શ્રી કિશનસિંહ ચાવડા લિખિત આ પુસ્તકની પ્રસ્તાવના પૂ. શ્રીમોટાએ લખી હતી. શ્રીમોટા લખે છે કે પૂર્ણ પુરુષની પૂર્ણતા કંઈ સ્થૂળ આંખોથી દેખાય એવા સ્થૂળ નેત્રોમાં નહીં પણ મન કે હૃદય કે સ્વભાવના સૂક્ષ્મ પ્રદેશમાં જ રહેલી છે.'' શ્રીમોટા દ્વારા વિગતે લખાયેલ આ પ્રસ્તાવનામાંથી માત્ર કણિકાઓ રૂપે એને અત્રે પ્રસ્તુત કરું છું. ''તે નિવૃત્તિમાં પ્રવૃત્ત અને પ્રવૃત્તિમાં નિવૃત્ત રહે છે. તે કશાનો માલિક નથી અને બધાનો માલિક છે. વિસંવાદી ઘટનાઓમાં પણ તે સંવાદને જુએ છે. વિધિની કૃતિઓ તેને હચમચાવી મૂકતી નથી. દેખીતી રીતે તે બીજાઓને અનઉપયોગી છે પણ એના અસ્તિત્વ માત્રથી આપોઆપ સમગ્ર વિશ્વના ઉન્નતિમાર્ગમાં તે ભાગ લે છે. સ્વાભાવિક રીતે અને સરળ રીતે થઈ રહેલી બધાની ઉત્ક્રાંતિને તે સ્વસ્થતાથી જોયા કરે છે, તેથી તે કુદરતી રીતે પરિણામ પામતી વસ્તુઓમાં આડખીલીરૂપ થતો નથી. તેની સૂક્ષ્મ, મૂંગી અનુકંપા બીજાઓની દોડધામ અને ધાંધલિયા પ્રવૃત્તિઓથી ક્યાંય વધુ અસરકારક છે. એને કશું જ ભૂલીજવાપણું નથી અને યાદ રાખવાપણું નથી, તે જાતે જ શુદ્ધ અનુભવ છે. તેથી તે શુદ્ધ વિજ્ઞાન છે. તે સર્વ સાથે અભેદ અનુભવે છે પ્રકૃતિના સ્વયંભૂપણાની સમગ્રતા પણ તે પોતે જ છે. મનુષ્યરૂપ ધારણ કરનાર એ પુરુષ સાચે જ લોકોત્તર હોય છે.''

પૂ.શ્રીમોટા ''શ્રી સદ્‌ગુરુ'' પુસ્તકના ત્રીજા ખંડમાં સદ્‌ગુરુના સૂક્ષ્મ સ્વરૂપની વાત કરે છે. ''સદ્‌ગુરુ વ્યક્તિ નથી, ચૈતન્ય છે. સમગ્રતામાં જીવનારો એ ગમે તેવા મોટા માણસ કરતાં ચઢિયાતો છે. સર્વત્ર વિદ્યમાન એવા એને શરીરની મર્યાદા નડતી નથી. આનંદ, જ્ઞાન, સામર્થ્ય એનામાં અનંત છે. ગુણ અને દ્વંદ્વમાં હોવા છતાં તે ગુણ-દ્વંદ્વથી પર છે.'' ભગવદ્‌ગીતામાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો વર્ણવવામાં આવ્યાં છે. શ્રીમોટા લખે છે, ''સદ્‌ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞથી પણ ઊંચું છે. આ પંક્તિનું વિશ્લેષણ કરતાં શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય લખે છે કે ગીતામાં વર્ણવાતા આ લક્ષણો તે માત્ર સાધનામાં આવતી એક સ્થિતિ જ હોય એમ લાગે છે. સ્થિતપ્રજ્ઞ આયાસપૂર્વક, પ્રજ્ઞાને સહારે સમભાવ રાખતો હોય એમ જણાય છે. જ્યારે સદ્‌ગુરુ એ ચેતનની એવી સત્તા છે કે જેમાં બધું જ સહજ હોય છે. અલબત્ત સદ્‌ગુરુના વિશ્લેષણને અતિ સૂક્ષ્મ સ્તરે લઈ જતાં શ્રીમોટા કહે છે કે ચેતન અને અનુભવી (ગુરુ) વચ્ચે ભેદ છે.'' ચેતન અવનવું સર્જી શકે છે જ્યારે ગુરુ, અનુભવી પુરૂષ જ્યાં જ્યાં એનું (જે તે વ્યક્તિ, શિષ્ય, જીજ્ઞાસુ વગેરે સાથે) નિમિત્ત હોય ત્યાં ત્યાં જ ચેતનરૂપે પ્રવર્તી શકે છે. બંને વચ્ચેનો ભેદ કલાત્મક એટલે Difference of degree નો છે. ચેતનની શક્તિમત્તા અનંત છે તો ચેતન પુરૂષની શક્તિમત્તા ચેતનની સરખામણીએ મર્યાદિત છે.

ઉપરોક્ત વાતના સંદર્ભમાં એક પ્રસંગ નોંધવાનું મન થાય છે. મારા પરમપૂજ્ય પિતાશ્રી પ્રો. એ.જી. ભટ્ટ, પ્રો. ઈંદુકુમાર દેસાઈ સાથે શ્રીમોટાના બુલાવાથી નડિયાદ શ્રીમોટા સાથે સત્સંગ કરવા ગયા હતા. મેં શ્રીમોટાને એક પ્રશ્ન પૂછાવડાવ્યો હતો કે કોઈ વ્યક્તિ એની મુશ્કેલીના સમયમાં કોઈ

સંત કે ગુરુનું સ્મરણ કરે, મદદ માટે પ્રાર્થના કરે અને તેને મદદ મળે તો એની ગુરુને ખબર પડે ખરી ? આના જવાબમાં શ્રીમોટાએ કહેલું કે સાધકનું ગુરુ સાથેનું નિમિત્ત હોય તો એના ગુરુને ખબર પડે પરંતુ જો નિમિત્ત ન હોય તો પણ કુદરતના નિયમ પ્રમાણે એને આપોઆપ મદદ મળી જાય. સૂર્ય કેટકેટલું કલ્યાણ કરે છે. સૂર્યને એની ખબર છે ખરી ? શ્રી રમણ મહર્ષિ આને 'Divine Automatic Action' તરીકે વર્ણવે છે. એજ રીતે શ્રીમોટા ચેતનનિષ્ઠ ગુરુ અને ભગવાન વચ્ચેનો ભેદ રજૂ કરે છે. શ્રીમોટા કહે છે કે ભગવાનને પ્રારબ્ધ નથી, નિમિત્ત નથી જ્યારે ચેતનનિષ્ઠ દેહધારીને પ્રારબ્ધ ખરું જ, પણ કેવું બળેલી દોરડીના વળ જેવું. સમુદ્રનું લોટામાં ભરેલું પાણી અને સમુદ્ર એ બંને ગુણધર્મમાં સરખા છતાં વિસ્તારમાં, અનંત શક્તિમાં એકસરખા નથી.

અત્યારનું કાળબળ એવું છે કે સાચા ગુરુ-સદ્ગુરુ મળવા અતિ દુર્લભ છે. શ્રીમોટા કહે છે, "જીવનવિકાસની ભાવનાવાળા જીવો તો બહુ વિરલ, નજીવા પ્રમાણમાં હોવાના તથા ચેતનની અપેક્ષાએ ચેતનને પ્રગટાવી શકે એવા સદ્ગુરુ પણ વિરલ જ હોવાના. સમાજમાં ઘણા પોતાની સ્વાર્થી કામનાઓને પોષવા માટે તેવા પ્રકારના ગુરુમાં ભેરવાઈ પડતા હોય છે. આવા ગુરુ-શિષ્ય પ્રકારમાં બંનેને નુકસાન જ હોય છે. જો આજ સ્થિતિ હોય તો ગુરુ-સદ્ગુરુની પરખ શી રીતે થાય ? આના ઉપાય રૂપે શ્રીમોટા "સદ્ગુરુ"માં લખે છે :

**"તમારે જાણવો હોય એવાને જો ખરેખરો,**
**રાખો સંબંધ ભક્તિથી મેળવી પરખાય તો."**

"જીવનસોપાન"માં શ્રીમોટા લખે છે, "પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વકનો હૃદયનો હૃદયથી પરિચય સંબંધ, આધ્યાત્મિક સંપર્ક થતાં આપોઆપ ઓળખાય, અનુભવાય. કોઈ પણ માનવ આત્માને સમગ્રપણે ઓળખવો તે લગભગ અશક્ય છે, દુર્ઘટ હકીકત છે." શ્રી રમણ મહર્ષિ કહે છે, "By the peace of mind found in his presence and by the sense of respect you feel for him" તમે એને ગુરુ તરીકે ઓળખાવી શકો. મહાયોગીરાજ વિશુદ્ધાનંદજી કહે છે, "જે અજ્ઞાની છે એ પોતે પોતાને જાણતો નથી તો પછી મહાપુરુષને કઈ રીતે ઓળખી શકે ?" શ્રીમોટા કહે છે કે "જીવપણાંનાં લક્ષણો ન રહી શકે તેવું મંથન કરી કરીને આપણે એની કૃપા મદદથી ચેતનના સ્વરૂપમાં પ્રગટવાનું છે....આપણાં આંખ, કાન, મન, હૃદય તેવા પ્રકારનાં થઈ ગયાં, તો જ તેવાને ઓળખી શકાય, જાણી શકાય, બાકી નહીં."

પ્રો. એ.જી. ભટ્ટ ગુરુની કામગીરીનું વર્ણન તેમના એક લેખમાં શ્રીમોટાએ રજૂ કરેલી વાતના સંદર્ભમાં કહે છે. "સાધકના સ્વભાવનું દિવ્ય રૂપાંતર કરી તેનો આધ્યાત્મિક વિકાસ સાધવાનું કાર્ય ગુરુ દ્વારા થતું હોય છે. સાધકની સુષુપ્ત શક્તિઓ જગાડવા તે અત્યંત સૂક્ષ્મ સાધનોનો ઉપયોગ કરે છે. તે સાધનની ગુપ્ત અસરનો ખ્યાલ શરૂ શરૂમાં સાધકને આવતો નથી. આ કાર્યમાં વાણીનો ઘણો ઓછો ઉપયોગ કરે છે અને નિરંતર આંદોલનો મોકલી સાધકની સુષુપ્ત ચેતના જગાડી, તેના જીવનનું સાચું ઘડતર કરવામાં સહાયક બને છે. સાધકની નિદ્રાઅવસ્થામાં તેના આંતરસત્વ સુધી સુગમતાથી પહોંચી જઈને પણ તે આ કાર્ય સિદ્ધ કરે છે. ગુરુ અનેક ચમત્કારો દ્વારા પણ સાધકના મનને પોતાના તરફ આકર્ષી લઈને તેને સહાયક બને છે. સર્વ ચમત્કારોમાં સાધકની પ્રકૃતિનું રૂપાંતર કરવાનો

ચમત્કાર સર્વોપરી મહત્ત્વનો અસાધારણ ચમત્કાર છે. દરેક સાધકની પ્રકૃત્તિ યથાર્થ સ્વરૂપે જાણી તદ્‌અનુસાર માર્ગદર્શન આપવાની આધ્યાત્મિક ક્ષેત્રના સદ્‌ગુરુની શિક્ષણ કળા અન્ય સર્વ ક્ષેત્રોના શિક્ષકોની શિક્ષણકળા કરતાં ચઢિયાતી છે. ગુરુ કોઈને પણ પરાધીન રાખવા ઈચ્છતો નથી. પણ પોતાના જેવો ચેતન શક્તિસંપન્ન બનાવવા ઈચ્છે છે.''

શ્રી એ. જી. ભટ્ટ સાહેબની ઉપરોકત વાતનો તાળો આપણને ''સદ્‌ગુરુ'' પુસ્તકમાંની નીચેની ચાર પંક્તિઓમાંથી મળી જાય છે. શ્રીમોટા લખે છે :

**''પોતાની સમકક્ષ એને શરણે જાય જે,**
**તેને બનાવવાનો છે ધર્મ સદ્‌ગુરુનો હૃદે;**
**બનાવ્યા વિણ તે તેવો કદીયે નવ જંપતો,**
**જો સહકાર સંપૂર્ણ સામે પક્ષે રહેલ હો.''**

છેલ્લી પંક્તિમાં શ્રીમોટા સદ્‌ગુરુ પ્રત્યે શિષ્યના કર્તવ્યની વાત કરે છે. શ્રીમોટા કહે છે કે ગુરુશિષ્યનો પ્રેમભર્યો સત્કાર, સ્વીકાર, સહકાર અને સહચાર. ગુરુનું આજ્ઞાપાલન કેટલું જરૂરનું છે, એ શ્રીમોટાના આ વાક્ય પરથી સ્પષ્ટ થાય છે. ''જો પોતાના હૃદયથી માનેલા સદ્‌ગુરુનું વચન પાળી ન શકાતું હોય તો ગુરુ ન કર્યા બરાબર છે.'' શ્રીમોટા શ્રી અરવિંદની માફક ગુરુ પાસે ખુલ્લા થવાની વાત કરે છે. શ્રીમોટા કહે છે કે, ''સદ્‌ગુરુ જ માત્ર એક એવું સ્વજન છે કે જે તમે જેવા છો તેવા જ તમને સ્વીકારે છે... સદ્‌ગુરુ પાસે ખુલ્લા થવું તેજ સદ્‌ગુરુને અંદર ભરી લેવાપણું છે. જ્યાંસુધી સદ્‌ગુરુ સમક્ષ ખુલ્લા થવા જવામાં સંકોચ, ક્ષોભ કે ડર લાગતો હોય ત્યાંસુધી આપણે સદ્‌ગુરુને સ્વીકાર્યા નથી એમ સમજવું. મજાની વાત તો એ છે કે એમની સમક્ષ તમે ખુલ્લા થાવ કે ન થાવ એ તમને પામી જાય છે. એકવાર શ્રીમોટાએ ભટ્ટ સાહેબને એમ કહ્યું હતું કે, વ્યક્તિ અમારી પાસે આવે એટલે એનો સંપૂર્ણ એક્સ રે અમારી પાસે આવી જાય છે.'' ભટ્ટ સાહેબે કહ્યું, ''મોટા કહેતા હો તો'' શ્રીમોટાએ કહ્યું, ''રામ રામ કરો, અમારી પાસે કોઈ આવે જ નહિ.''

શ્રીમોટા એમ સ્પષ્ટ કહે છે કે સાધનાના શરૂઆતના ગાળામાં પ્રકૃતિના હુમલા અને ત્યારબાદ બહારથી પણ હુમલા આવે છે. તેવા હુમલા ક્રમશઃ સૂક્ષ્મતમ ને સૂક્ષ્મતર બનતા જાય છે. શ્રીઅરવિંદ આ માટે ઈન્કાર, અભીપ્સા અને સમર્પણની આવશ્યક્તા દર્શાવે છે તો વિમળાબેન ઠકાર પળેપળના અવધાન (awareness)ની વાત કરે છે. શ્રીમોટા 'જ્ઞાનપૂર્વકની ચેતનયુક્ત જાગૃતિની અનિવાર્યતાની વાત કરે છે.' સૌથી નોંધપાત્ર વાત તો એ છે કે શ્રીમોટા પ્રસંગોને ગુરુ બનાવવાનું કહે છે. ''જીવનનો સ્વીકાર'' એ શ્રીમોટાનો પ્રમુખ ઉપદેશ કહી શકાય. સામાન્ય રીતે પ્રત્યેક ગુરુનો ક્યારેક શિષ્યો પ્રત્યે પુણ્યપ્રકોપ પ્રજ્વલીત ઊઠતો હોય છે. શ્રીમોટાએ એક પત્રમાં લખ્યું હતું, ''હું હયાત છું અને પોકારી પોકારીને કહું છું ત્યારે પણ સ્વજનોથી જે બનતું નથી તે મારા ગયા પછી શું બનવાનું છે ? ત્યારે તમને સૌ સ્વજનોને યાદ આવશે અને પસ્તાવાનું બનશે.'' આશા રાખું કે શ્રીમોટાના આ શબ્દો આપણામાં પ્રાણ પૂરી આપણને સૌને ચેતનવંતા બનાવશે. હરિઃૐ

●

*સર્વ કોઈ મળેલા છે, તે આપણને મઠારવા કાજે છે, એવા દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રભુકૃપાથી જીવનનિષ્ઠા પ્રગટાવવા કાજે જ્ઞાનપૂર્વક જો આપણે રાખી શક્યા, તો તો કોઈપણ પરત્વે અન્યથાભાવ પ્રગટવાનો સંભવ પછીથી તો રહી શકતો નથી.*

***— પૂ. શ્રીમોટા વચનામૃત, પૃ. ૭૦***

## ૨. શ્રીમોટાના અંતિમ આદેશ અને દેહત્યાગ !

**- શ્રી કાર્તિકેય અ. ભટ્ટ**

શ્રી વિવેકાનંદજીની જેમ જ શ્રીમોટાએ પણ કહ્યું હતું. "કૃપા કરીને ઊઠો ! જાગ્રત બનો ! અને જાગીને ટટ્ટાર થાઓ ! અને ટટ્ટાર થઈને કટિબદ્ધ થઈ વિચાર, વૃત્તિ અને વલણની સામે ભારેમાં ભારે સંગ્રામ પ્રગટાવો."

પૂ. શ્રીમોટા લખે છે, "શ્રી પ્રભુકૃપાથી આ જીવ ને એવાં અભ્યાસ, ટેવ અને સમજણ છે કે જે કંઈ કરવાનું દિલ થાય, તેને બની શકે એટલી ત્વરાથી આટોપી લેવાય તે ઉત્તમ, કારણ કે મૃત્યુની નિશ્ચિતતા તો નથી જ. તેથી મૃત્યુના વિચારથી નહિ, પણ તે તો છે જ, તેથી જે સંકલ્પ હોય તે શ્રીપ્રભુકૃપાથી જેટલો સવેળા સ્વસ્થતાપૂર્વક, શાંતિ અને ભાવથી પૂરો થઈ જાય તે ઉત્તમોત્તમ.

વળી મને એમ પણ છે કે હવે "આ" શરીરને ઘણા રોગ છે. અને તે ખવાતું જાય છે. તે હાલ વેદનાગ્રસ્ત તો છે જ, પરંતુ હવે તેવી વેદનાનો હુમલો સહન કરવાની શરીરની પણ મર્યાદા છે. શરીર ઉંમરને કારણે ઘરડું થતું જાય છે અને તેથી તેની સહન કરવાની તાકાત ઘટે તે સ્વાભાવિક છે. તે ઉપરાંત હવે આ શરીરને થાક પણ લાગે છે, જે પહેલાં મુદ્દલે લાગતો જ ન હતો. આ ઉપરાંત આમેય શરીરનો ભરોસો ન ગણાય. તેથી પણ જેટલું જલદી આટોપાય તેટલું ઉત્તમ. બાકી મને પોતાને તો જીવવાની કે મરવાની તે બેમાંથી એક પણ મરજી નથી. બંને આવકાર્ય અને સ્વીકાર્ય છે."

પરંતુ શ્રીમોટાના ગુરુનો આદેશ હતો કે 'જ્યારે શરીર સમાજના ખપમાં ના આવે ત્યારે તેને છોડી દેવું.' એલેમ્બિક કંપનીવાળા શ્રી રમણભાઈ અમીન (ફાજલપુર, વડોદરા)ને ત્યાં પૂ. શ્રીમોટા પોતાનો દેહત્યાગ કરવા ગયા. આ અગાઉ તારીખ ૧૯ જુલાઈ, ૧૯૭૬ના રોજ આશ્રમના અંતેવાસી શ્રી નંદુભાઈને ત્યાં તેમણે એક કાગળ આપ્યો, જેમાં લખ્યું હતું :

જે કોઈને આ અંગે લાગેવળગે છે તેઓ જોગ.

હું ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા, રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ, આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે. અને હવે લોકકલ્યાણના કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરીશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ મૃત્યુસ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો – ઘણા ભેગાં કરવા નહિ. તેમ મારા સેવકોને ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં, મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કાંઈ નાણાં ભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

**ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા**

**તા. ૧૯-૭-૧૯૭૬**

પૂ. શ્રીમોટાએ દેહ છોડવાનો નિર્ણય તો તા. ૧૯, જુલાઈના રોજ લઈ લીધેલો. અને આ હકીકતની જાણ માત્ર શ્રી નંદુભાઈને જ કરેલી.

૨૨મી જુલાઈના રોજ શ્રીમોટા સવારે ફાજલપુર પહોંચ્યા. આ દિવસે શ્રીમોટાએ લખેલા છેલ્લા પત્રમાંથી એક પત્રમાં લખ્યું હતું.

**"જેમણે જેમણે મને મદદ કરી છે. મારું કામ કર્યું છે. તેમનો તેમનો આભાર માનું છું. ભગવાન તેમનું યશ કલ્યાણ કરો."**

બીજા એક પત્રમાં તેમણે લખ્યું હતું :

**ઉમળકાથી અમે કરેલું છે.**
**નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે.**
**આવેલા કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે.**
**ગુરુ મહારાજના હુકમને આનંદથી પાળ્યો**

૨૨મી જુલાઈના રોજ શ્રીમોટા ફાજલપુર પહોંચ્યા. ત્યારે ધોધમાર વરસાદ હોવાથી શ્રી નંદુભાઈએ શ્રીમોટાને વિનંતી કરી કે મોટા બે-ત્રણ દિવસ રોકાઈ જાવ ત્યારે પૂ.શ્રીમોટાએ અંગ્રેજીમાં ખૂબ કડક અવાજે કહ્યું :

"This is not a matter of discussion." પછી જરા હસીને કહ્યું. "અરે ભાઈ દેહને અગ્નિસંસ્કાર કરવામાં મુશ્કેલી પડે તો પધરાવી દેજો. બસ, ચિંતા શું કરવા કરો છો ?"

પૂ.શ્રીમોટાનો એ સિદ્ધાંત હતો કે : "જે વાતનો કોઈ સાક્ષી ના હોય તે વાત હું કરતો નથી." એક સાથે એક કરતાં વધારે જગ્યાએ હાજર રહેવાનો પ્રયોગ પણ શ્રીમોટાએ સાક્ષી રાખીને કર્યો હતો. સંકલ્પ કરીને સ્વેચ્છાએ દેહત્યાગ પણ શ્રીમોટાએ આ જ રીતે કર્યો હતો.

૨૨મી જુલાઈ રાત્રે ૧.૨૫ વાગ્યે (એટલે કે તારીખ ૨૩ જુલાઈ)ના રોજ પૂ. શ્રીમોટાએ દેહત્યાગ કર્યો. પૂ. શ્રીમોટાના આદેશ પ્રમાણે ૨૩મી તારીખે સવારે ૬.૧૦ મિનિટે શ્રી નંદુભાઈ, શ્રી રમણભાઈ અમીન, શ્રીમતી ધીરજબહેન અમીન, શ્રી રામભાઈ પટેલ, શ્રીમતી ડૉ. કાંતાબહેન પટેલ અને શ્રી રાજુભાઈ પટેલ એમ છ જણની હાજરીમાં શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસની નીચે મહી નદીના કિનારે શ્રીમોટાને અગ્નિદાહ અપાયો.

શ્રીમોટાએ પોતાના પાર્થિવ દેહ દ્વારા જે અક્ષરદેહ અવતાર્યો એના છેલ્લા શબ્દો ગુરુ મહારાજની મહત્તા અને મહિમાને રજૂ કરે છે.

**"ગુરુ મહારાજ જીવતા પ્રાણી છે એમ નથી. એ તો એમને કે આપણને ખપ પડે માણસ જેવા થઈ આપણા આગળ થઈને આપણું ઉકેલી આપે છે. ખરે વખતે ખરા ભક્તનું ન અટકાવી રાખે છે. નિજના ભક્તનું કામ કદી પણ ન અટકાવે છે."**

શ્રીમોટાએ આશ્રમમાં ક્યારેય કથા-વાર્તા, ધાર્મિક સમારંભો, યજ્ઞયાગાદિ કે મોક્ષયાત્રાઓ યોજી નથી. પોતાના જન્મદિન કે સાક્ષાત્કાર દિનની ઉજવણી થવા દઈને તેમાંથી પ્રાપ્ત થતું નાણું સમાજના ઉત્કર્ષ માટે સમાજના ચરણે ધરતા હતા.

મૌન-મંદિરની વ્યવસ્થા અને દાન પ્રવૃત્તિ પૂ.શ્રીમોટાના નિર્વાણ પછી પણ તેમના આશ્રમો દ્વારા નિભાવવામાં આવે છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસે કહ્યું હતું : "જ્ઞાની કરતાં વિજ્ઞાની ચઢે. કારણ કે તેને કોઈ પણ જાતનો ડર નથી તેણે તો માત્ર ઈશ્વરનાં સાકાર-નિરાકાર બંને સ્વરૂપોનો સાક્ષાત્કાર કર્યો હોય છે !" આ રીતે પૂ. શ્રીમોટા આધ્યાત્મિક વિજ્ઞાની હતા. આવા પરમપૂજ્ય શ્રી હરિઃૐ મોટાને કોટિકોટિ પ્રણામ કરીને વિરમું છું.

*હરિઃૐ શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ*
*આ. પ્રથમ પૃ. ૫૬ થી ૫૯*

●

## ૩. સાધક અને સ્વજન

- શ્રીમોટા

કોઈપણ આપણું સ્વજન આપણી સાથે ઝઘડવાનું કરે, ક્લેશ, કંકાશ કે સંતાપ કરે ને તેથી જો આપણે લેવાઈ નહીં જઈએ કે આવરાઈ નહીં જઈએ તો તેનાં હથિયાર ભોંઠાં પડવાના છે; પરંતુ જો આપણે એથી કરીને ખીજવાયા, ચીડાયા કે ક્રોધે ભરાયા તો એ જીવનાં તે હથિયાર વધારે ધારવાળા થવાનાં. એટલે એવી સ્થિતિમાં તો પ્રભુ કૃપાથી આપણે વધારે સરળ, શાંત, ધીરજવાળા તથા સમતાવાળા ને પ્રેમભાવી બનીને વધારે સહનશીલતા કેળવ્યા કરવાની છે.

જીવન આવા પ્રકારની અથડામણોથી ઘડાય છે. જે જીવનમાં કદી એવી અથડામણો, યુદ્ધો, ગૂંચો, ઉપાધિઓ આવી નથી તે જીવનમાં નક્કરતા કેમ કરીને આવી શકવાની છે ? ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ આપણી માનસિક સ્થિતિ પૂર્ણ સમજવાળી, શાંતિવાળી, ધીરજવાળી રહી શકે તેવા પ્રકારના શિક્ષણ કાજે ઈશ્વરે કૃપા કરીને તેવા સંજોગો આપણી માટે ઊભા કર્યા છે. તેવી જાગૃતિ હોવી જોઈશે.

આપણા સત્ત્વગુણને કેળવવા, ખીલવવા માટે તથા આપણી ખીજવાટની, અકળામણની, ક્રોધની વૃત્તિને સબૂરી પકડવાની કસોટી તકરૂપે તે કૃપાતક મળી છે તેમ હૃદયમાં માનીને ત્યારે આપણે વર્તવાનું છે. વળી ત્યારે આપણું હૃદય પ્રેમભાવની ખૂબ ભીનાશવાળું, કુમાશવાળું, ને સહાનુભૂતિવાળું ને સામા જીવની અંદરનું જે જે સારું હોય તેની કદર કરવાની તત્પરતાભરી ભાવનાવાળું હોવું જોઈએ. આવે સમયે આવી જાગૃતિ આપણામાં પૂરેપૂરી જામેલી હોવી જોઈએ.

સામા જીવની પ્રકૃતિમાં ગમે તેવાં દર્શન થાય, તોયે આપણી પ્રેમ ભાવનામાં તો બિલકુલ ફરક ન પડવો જોઈએ - બલ્કે તે વધ્યા કરવો ઘટે. તો જ જગતમાં ગમે તેવાની સાથે આપણે સમતાયુક્ત વર્તન રાખી શકવાને સમર્થ નીવડીશું; તો જ પાપીમાં પાપીને, દુષ્ટમાં દુષ્ટ જીવને આપણે ચાહી શકીશું.

આપણો દોષ હોય તો લાખ વાર માફી માંગી લઈએ. એમ કરવામાં ક્યાંયે સંકોચ ના સેવીએ.

જો કોઈ જીવની પ્રકૃતિ સામાને નમાવવા કે ઘસડવા એવી છેલ્લી હદ સુધી જતી અનુભવાય તો એમાં આપણી પોતાની કસોટી છે અને આપણી કક્ષા કે દશા કેવી થઈ છે તે જાણવા માટેની એક પારાશીશી છે, તેવા સમયે સામા વ્યક્તિ તરફ સહેજ પણ અવહેલના કે તિરસ્કાર થતાં આપણો પ્રેમભાવ અને સદ્ભાવ ઓછો થવા પામે તો તો આપણું પતન થયું સમજવું. સેવાનો પ્રસંગ સાંપડ્યે પ્રેમભાવે એની સેવા પણ કરીએ; પરંતુ જ્યાં આપણે નમવું ન ઘટે ત્યાં તો ન જ નમીએ. એના આત્માને જરૂર વંદીએ, નમીએ, પરંતુ એની પ્રકૃતિને કે સ્વભાવને તો નહીં જ. કોઈની પણ પ્રકૃતિને કે સ્વભાવને નમ્યા તો આપણે નીચે ઊતર્યા સમજવું. ધ્યેયની બાબતમાં ને આદર્શ પરત્વે તો મક્કમ જ રહેવાનું હોય.

સાધકના જીવનમાં ક્યારેક એવો પણ પ્રસંગ આવે છે કે જ્યારે આપણાં પોતાનાં આપણને નીચે ખેંચી પાડવા મથે છે તે 'માર'નાં મોટાં મોટાં હથિયાર પણ બને છે. કારણ કે એમના પરત્વે આપણને બીજાં બધાં કરતાં વધુ પ્રેમ જાગેલો હોય છે. પરંતુ એવી જે કૃપા-તક મળે છે તે જો સાધક ખરેખરો જાગ્રત રહેલો હોય છે તો આંખ ઉઘાડનારી બની શકે છે. આથી

આવા પરત્વે આપણને રાગ, મમતા, આસક્તિ, મોહ આદિ જે જે હશે તે એમની પ્રકૃતિનાં દર્શન થતાં કપૂરની જેમ આપણામાંથી ઊડી જ જશે.

સાધકના જીવનમાં નરી શુષ્કતા પણ ન હોવી જોઈએ. તે તો સદાય કોમળમાં કોમળ બનેલો હશે. તે સાથે તેના ધ્યેય પરત્વેની તેની મક્કમતા વજ્ર કરતાંય કઠણ હશે. જીવનમાં કારૂણ્ય, ઉદારતા, વિશાળતા, પ્રેમ વગેરેને સ્થાન છે, પરંતુ તે બધાં વાપરવાના છે ધ્યેયને ખાતર, અસત્ય કે પ્રકૃતિના નીચલા થરોને અપનાવવા ખાતર નહીં. ઊંધા સમજાઈશું. ઘાતકી લાગ્યાં કરીશું, એવું એવું બનવાનો સંભવ લાગે તો પણ ધ્યેયને યોગ્ય એવા સમગ્રભર્યા પ્રેમના ભાવયુક્ત અડગ વર્તનથી સામાને જીવનની સાચી સમજ અને ઉચ્ચ બાજુ દર્શાવી શકવાના છીએ. એક વખત સામી વ્યક્તિને આપણી મક્કમતાનો ખ્યાલ જાગી ગયેથી આપણને ચસાવવું અશક્ય છે એમ તેને લાગતાં આખરે તે પોતાનો તંત મૂકી પણ દે.

●

## સાધક અને જીવનસાથી (અનુષ્ટુપ)

**યોગ માર્ગે જવું જો હો એનાથી અન્ય રીતમાં,**
**તમને કો જવા પ્રેરે ''ના'' કહો દૃઢતાથી ત્યાં.**

**દુભાતા દિલ બીજાનું એવું કૈં કરવા જતાં,**
**પ્રેમ ઊંડો હૃદે ધારી એવાંને સમજાવવાં.**

**સાથીનો સાથ લેવાનો સાથ દેવાં કહ્યા કરી.**
**આપણે તો રહેવાનું સ્વમાર્ગે દૃઢતા ધરી.**

**એકની એક વાતે તે ઝાઝું ત્યાં નહીં ચૂંથવું.**
**સ્પષ્ટ કે'વાતું જે હોયે, તે કહી શાંત ત્યાં થવું.**

**બીજું તો માગતું રે'શે, એની રીતે ચલાવવા,**
**આપણે ડગવું ત્યાં ના રે'વું મક્કમ ત્યાં સદા.**

**જેને જે જોઈતું હોય લેવા દ્યો તેમને બધું,**
**નિસ્પૃહી આપણે રે'વું ભાગ આવેલ તે કરી.**

**સંડોવાઈ જવાનું ના કશામાં થાય આપણું,**
**એ રીતે વર્તવાનું છે સ્વસ્થ શાંત પણે જ શું !**

*(સંદર્ભ : પૂ.શ્રીમોટા જીવન અને કાર્ય*
*પૃષ્ઠ ૨૨૩થી ૨૨૬)*

### હૃદય પોકાર
**(શિખરિણી)**

ભલેને સંજોગો અનુકૂળ હશે ના મુજ બધા,
વિચારો જો રાખી દૃઢ શકીશ, તો તો બસ ભલા !
પ્રભો તેથી તું-માં સતત, ઉરશ્રદ્ધા ધરી રહો,
પહોંચાશે ધ્યેયે, જરૂર મુજથી એક દિવસે.

ભલે વિઘ્નો આવે, ઉતરી પડતાં પા'ડ શિર છો,
અને અગ્નિ-જ્વાળા ફરી વળતી ચોપાસ મુજ છો,
ગમે તેવું થાઓ મુજ, પણ હઠો તું-પરથી ના,
પ્રભો ! શ્રદ્ધા મારી, કંઈ જ બસ માંગું અવર ના.

રહેવાજો નીચું જગત નજરે નિત્ય મુજથી,
સહેવાજો પ્રેમે દુઃખ શિર પડે જે, મુજ થકી,
સદા મારી રે'જો પદ કમળમાં વૃત્તિ મનની,
અને તું-માં મારી સતત સ્ફુરજો ભક્તિ હૃદથી.

ઘણું પશ્ચાતાપે હૃદય તપવ્યું મેં ત્યમ છતાં,
કસોટીએ પૂરું ઊતરી શકતું તે હજીય ના;
'પુરુષાર્થીને તું સતત બળ વિશ્વાસ ઉર દે !'
જીવું એ શ્રદ્ધાએ અવર કંઈ આધાર ન મને.

કરેલા ધ્યેયથી કદી મુજ ન પ્રવૃત્તિ ખરાજો
અને ત્યાં ચોંટેલું મન ચિંત તણું ધ્યાન કરજો;
થતાં સૌ કામોમાં મુજ થકી સદા મેળ બનજો,
પ્રભો ! એવી મારી પર તુજ કૃપા તો ઉતરજો.

તમારી ઇચ્છાને વશ થઈ રહું છું ગરીબ હું,
મને જેવો રાખે ત્યમ પ્રભુ રહું, કૈં ન બબડું,
શિરે નાંખે જે જે સહન કરું છું સર્વ પ્રભુ, હું,
તપાસી જોજે જા ! મુજ કરી કસોટી ખરી પ્રભુ !

*જીવન અને કાર્ય (પ્ર.આ.), પૃ. ૪૦૯, ૪૧૨*

## ૪. સાધક અને સાધક વચ્ચેના વર્તન-વ્યવહાર અંગે શ્રીમોટાનું દર્શન - શ્રીમોટા

સાધકોના સૂત્રધાર એક જ ગુરુ જ્યાં હોય ત્યાં, ને તેમ છતાં પણ સાધકોના પરસ્પરના વર્તનમાં ઘણીવાર તેમને છાજે નહિ એવું વર્તન જોવા મળતું હોય છે. ખરું જોતાં તો સાધકો એટલે ગુરુરૂપી વિરાટ શરીરનાં જુદાં જુદાં અંગો. જેમ માનવી શરીરનાં જુદાં જુદાં અંગો. જેમ માનવી શરીરનાં જુદાં જુદાં અંગનાં નામ, કામ અને પ્રકાર જુદા જુદા હોય છે, તેવું જ ગુરુના વિરાટ શરીરનાં આ અંગો વિશે છે.

જ્યારે કોઈ જીવ સાધક દશામાં આવે છે ત્યારે તેના સ્વભાવનાં સારાં અને અનિષ્ટ તત્ત્વો બંને જે અત્યાર સુધી સાધકમાં ઊંડે પડી રહેલાં હતાં, તે ઉપર તરી આવે છે, બહાર વ્યક્ત થાય છે. તેમાં નિમ્ન તત્ત્વોના હુમલા ઝટ થાય છે. તેમનું વ્યક્ત થવાપણું વેગથી અને ઝડપથી બને છે, અને એ સવિશેષપણે જોર પર આવતા જણાય છે. ઈર્ષ્યા, અસૂયા, 'હું'પણું, ક્રોધ, મત્સર, અયોગ્ય સ્પર્ધા, ગુરુ ઉપર પોતાની માલિકીની વૃત્તિ, બીજાના ભોગે પોતાનું સારાપણું દાખવવાની અને દેખાડવાની વૃત્તિ પોતાને પણ વધુ મહત્ત્વ મળ્યા કરે તેવી ગોઠવણી આદિ જીવ પ્રકારની નિમ્ન-વૃત્તિઓ એકદમ જોરથી હુમલો કરે છે.

ઘણાં વરસથી વહેતી કોઈ નીકમાં કે ખાળકૂંડીમાં નીચે કચરો પડી રહ્યો હોય અને તેની ઉપરથી પાણી વહી જતું હોય, તો તે પાણી પ્રમાણમાં સ્વચ્છ હોય છે, પણ જ્યાં નીક સાફ કરવાની, ખોતરવાની શરૂઆત થાય છે ત્યારે તે પાણી ઊલટું વધું બદબોવાળું, મેલું ને ડહોળાયેલું બને છે તેવું જ કંઈક સાધકના જીવન વિષે બને છે.

આવી વેળાએ ઘણીવાર સાધક તેના નીચલા થરના જોરથી વહેવા માંડેલા પ્રવાહમાં તણાઈ પણ જાય છે - જોકે પછી જાગ્રતિમાં આવતાં તેને તેનું ભાન પણ થાય છે. અને સાધકોમાં કદી કદી માંહોમાંહે હૂંસાતૂંસી, ખેંચતાણ ને ઝઘડા પણ થતા હોય છે. આથી આવા સાધકો ઘણા નીચલા દરજ્જાના છે એવું માનવા તરફ ઘણા સંસારી લોકો દોરાય છે, પરંતુ વાસ્તવિકપણે તે માન્યતા અઘટિત છે.

સાધકમાં અને સંસારીમાં એક મોટો ફેર છે. એની બધી વિકૃતિઓ છતાં સાધક ભગવાન તરફ અભિમુખ થોડે ઘણે અંશે પણ હોય છે, એટલે કાળક્રમે તે પોતાના સ્વભાવને વધુને વધુ ઊંડી રીતે પારખતો જતો હોય છે. અને નીચલા થરના વહનના પટને છોડતો જતો હોય છે એટલે કે તે સ્વભાવથી થવાનું ઓછું ને ઓછું કરતો જાય છે. એટલે આવા સાધકો વચ્ચે અંતે તો એક દિન સુમેળ જાગ્યા કે જામ્યા વિના રહેવાનો નથી. એટલે તે જેમ જેમ જાગતો જશે અને તેનો જેમ જેમ ક્રિયાત્મક ઉપયોગ થતો જશે, તેમ તેમ નવી આવેલી કે ખીલેલી શક્તિ જ આપોઆપ બધેય સુમેળ પ્રસરાવશે.

પ્રકૃતિના ગમે તેવા પ્રબળ હુમલાઓ આવે તો પણ સાધકે જાગ્રતિપૂર્વક તેમનો સામનો કરીને બીજાં સાથે અઘટિત વર્તાવ ના થઈ બેસે તે જોવાનું રહેશે. એણે પોતાનાં વર્તનને પ્રત્યેક પળે સમજવા માંડવું પડશે. અને તે ક્યાં ખોટું છે એનો પૂરેપૂરો ખ્યાલ એનામાં જાગવો જોઈશે. સાધકે પોતાની જાતને પૂરેપૂરી ઓળખી લીધી હશે તો હંમેશા તેની દૃષ્ટિ, વૃત્તિને વલણ એના પ્રત્યેક પ્રસંગમાં, વિચારમાં, વાણીમાં ને વર્તનમાં પોતાની ભૂલ ક્યાં છે એ જ જોવા પ્રતિ તેનું લક્ષ્ય રહેશે. પોતાને થયેલા કે થતા કોઈ પણ

*(અનુસંધાન પાન ૧૪ પર)*

## સદ્‌ગુરુની વર્તનકળા

સદ્‌ગુરુના ટીકાકારો દ્વેષીલા ઑર હોય છે,
કેટલા ચઢી તોફાને દેવા ઉત્સુક ત્રાસ જે,

અપમાને સહે પોતે પ્રેમથી ભાવપૂર્વક,
જાણે કશું બન્યું ના હો, કેવા નિશ્ચિંત, નિશ્ચિંત !

## સદ્‌ગુરુ પ્રત્યે સાધકનું વલણ

રંગાવું હોય ભક્તિમાં તો ભાવને મહત્ત્વ દો,
ભાવ ગાઢ થતાં મેળે પ્રેરણા સ્ફુરશે જ તો,

ઝાઝું વિચારવાની કે વાગોળવાની ટેવને
શ્રેયાર્થીએ મૂકી દેવી ઘટે, યોગ્ય થવા હૃદે.

સદ્‌ગુરુ ખાણના જેવા ખોદો જેમ ઊંડું, ઊંડું,
માણેક, રત્ન ને હીરા મળતા ત્યાં જતા જ શું !

જાણકારી વિના કિંતુ યદ્વાતદ્વા રીતે કર્યે,
ઊડઝૂડિયું જે તે કૈં, તો તો પત્તો ન ખાય છે.

*'શ્રી સદ્‌ગુરુ, ત્રી.આ., પૃ. ૧૦૭,૧૫૧*

## જીવનનો રંગ ભક્તિનો

તમે જાતે મળેલાં છો, વગર કીધે પધાર્યા છો,
કહ્યા વિના ગયાં ચાલી તમે પીઠ ફેરવી દઈને.

જીવનના ચેનચાળાયે અમે તો જોઈ લીધા છે,
મળ્યા તોયે રહી અળગા જીવનના ખેલ નીરખ્યા છે.

જુદી જુદી જીવનરંગત પૂરી મહાલ્યા બધી રીતે,
છતાં દિલ ના જ રંગાયા, હૃદય રંગાયેલા શા જે !

જીવનનો રંગ ભક્તિનો હરિ પદના વ્યસનથી જે,
જીવનમાં લાગી નસ નસમાં રગેરગ મસ્ત પ્રસર્યો છે !

અવર જીવન તણા રસનાં ભલે લોભામણાં લટકાં,
જીવન રસીલા તણાં લટકાંની આગળ તુચ્છ તે સઘળાં.

## જીવન શો તરફડાટ જ છે !

જીવન શો તરફડાટ જ છે ! વળી શેને લીધે તે છે ?
ઊંડું ઊંડું વિચારીને તમે તે ખોળી કાઢોને !

"હૃદય નિશ્ચિંતતા પૂરી, જીવનમાં સ્વસ્થતા, શાંતિ,
હૃદય શાતા, પૂરી સમતા, જીવનમાં કેળવાવાને."

ઊગેલી જે સમજ, તેને જીવન વ્યવહારમાં નિત્યે,
પ્રસંગોમાં સઘન ભાવે થયું છે વર્તવાનું તે.

મળેલાં સૌ સ્વજનને આ જીવનમાં જેમ વર્તાયું,
જણાવી તેમ દીધું છે, સમજવાનું પૂરેપૂરું.

## જીવન ઉકળાટ શેનો છે ?

તમારે ને અમારે તે જીવન ઉકળાટ શેનો છે ?
અમે કારણ જો આપ્યું હો, પૂરું લ્યોને તપાસી તે.

અમે દોષિત થયેલા તે પૂરા પુરવાર જો થઈશું,
તમારી પાસથી શિક્ષા પૂરી શી માગી, તે સહીશું !

હૃદય સંબંધ જીવનનો જીવંતો જીવવા દિલ છે,
સ્વજન જો, એટલુંયે શું જતું કરી ના શકો શેને !

અમારાં તો થયેલાં છે કંઈક વારેય શાં ખૂન તે !
અમે ભૂલથી ન સ્વપ્નેયે તમારા દોષ નીરખ્યા છે.

## અમોને જીવવા દેજો !

"અમોને જીવવા દેજો તમારા દિલમાં પ્રેમે,
ગરીબડા દિલની ઊંડી સ્વજનને પ્રાર્થના તે છે."

પ્રવેશી અંતરે ઊંડે ઊંડે ને શું વળી ઊંડે !
તહીં જે કર્મ કરવું છે, સરળતા ત્યાં ન અમને છે.

તમારા બારણામાંથી શું ધક્કા ખાઈ ખાઈને,
અમારે કેટલી વાર પડ્યાં કરવાનું પાછું છે !

નથી બોલાવિયાં તમને, ન આમંત્રણ દીધેલું છે,
નિમિત્તે જો પધાર્યાં છો, પછી ફરિયાદ શેની છે ?

જબરજસ્તી અમારી ના, હૃદયની કાકલૂદી છે,
કંઈક લેવા જ દો ભાગ તમારા જીવને અમને.

*''જીવન સ્પંદન' પૃ. ૧૯૮,૨૦૧*

# ૬. છોડો નકારાત્મક ભાવને

- શ્રીમોટા

(અનુષ્ટુપ)

કોણ સાચો અને કોણ ખોટો સંસારમાં જ છે ?
એ બધું જાણવાકેરી પંચાત છોડવી ઘટે.

કૈં જતા માપવા એને મપાઈ તો જવાય છે,
ચાહવાનું થતાં એને સોબત ઊંડી થાય છે.

સોબતનો હૃદે રંગ આજ કે કાલ લાગશે,
ઊર્ધ્વ માર્ગે જવા અર્થે ચાહવું શ્રેષ્ઠ માર્ગ છે.

એને જે ઓળખી લૈને એનો આશ્રય જે ગ્રહે,
ભક્તિ એના પરે ધારે તેનો બેડો જ પાર છે.

જેને જેને થયેલું હો જીવને મળવાનું તે,
તે તે સાથે જ સંબંધ દિલનો બાંધવો ઘટે.

નકારાત્મક ઓછામાં ઓછું જેટલું તે બને,
ઉત્તમ તેટલું સૌથી વર્તવું તેમ જીવને.

સંસારી જીવનું ઊંધું જે કૈં વિચારતા હશો,
છે પરિણામ તેવુંયે પડે ભોગવવું જ સૌ.

કિંતુ જે જ્ઞાની છે તેનું ઊંધું વિચારવું થતાં,
ભોગવવું વધારે તે પડવાનું જ, નિશ્ચયે,

સદ્ગુરુ જેની સંગાથે નિમિત્તે વળગેલ છે,
ગમે તેવું થતાં તોયે છોડી તેને જ તે ન દે.

એને જે માનતા જેમ ભલે તે તેમ માનતા,
જે જે તે માનશે જેમ તેમ છે પરિણામ ત્યાં,

પરિણામ તમારે જો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જોઈતું,
ન માનવું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સદ્ગુરુ માટે યોગ્ય શું !

હો વળગવું એવાને સંપૂર્ણ જોમ દિલ છે,
વળગવા જતાં પહેલાં તપાસી લેવું યોગ્ય તે,

નકારાત્મક સંપૂર્ણ છોડાતું જો હજી ન છે,
ખસવું વળગવું ત્યાંથી જીવનહિત અર્થ તે.

એણે ના નોતરેલા છે, આવેલ આપમેળે છો,
પછી તુક્કા નકામા કાં ઉરાડવા જ વ્યર્થ તો !

સદ્ભાવ ના રખાતો હો છૂટી જવું યથાર્થ તે,
વેંઢારી અર્થ વિનાનો રાખવો પછી વ્યર્થ છે.

નમ્રતા યોગ્ય સંપૂર્ણ પ્રગટ્યા વિણ અંતરે,
સ્વીકારાત્મક ભૂમિકા કદી ના કેળવાય છે.

સદ્ગુરુની થવા સહાય નમ્રતા, ભક્તિ બેઉયે
-કેળવાયેલ તે હોવી જોઈશે ભાવથી હૃદે.

બુદ્ધિથી જાણવાકેરો ફાંકો સૌ કાઢી નાખજો,
બુદ્ધિની શક્તિની તે છે મર્યાદા બ્હાર વાત સૌ.

સદ્ગુરુ જે હૃદે જેવો જેટલો ધારતા હશો,
આપણું ધારવુંયે ના યોગ્ય કોઈ પ્રકારનું.

ધારવા માનવાથી તો ભક્તિમાં લાગી તે જવું,
શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તે કર્મ કરવા જેવું યોગ્ય શું !

એને ઓળખવા જેવું સામર્થ્ય બુદ્ધિમાં ન છે,
બુદ્ધિમાં ભક્તિ લાગ્યાથી શક્તિ સાંપડવાની તે.

સદ્ગુરુ દોષ જોવા છે, એક બાજુથી અંતરે,
બીજી બાજુથી તો લાભ લેવાની ઝંખના હૃદે,

બંને બાજુતણો મેળ કેવી રીતે જ બેસશે ?
મેળ તે બેઉ પાસાંનો બેસે છે ના કંઈ કશે.

પ્રકૃતિની બધી ચાલ સૂક્ષ્મ અટપટી નરી,
તીવ્ર પકડ પોતાની રાખવા કેવી માગતી!

પ્રકૃતિથી થવું મુક્ત કદી રેઢું પડ્યું ન છે,
સૌ પુરુષાર્થની સાથે કૃપાભાવ જરૂરી છે.

જો સામાના હૃદે તે ના, તો તેનામાં અનુભવી
-પ્રાણ રેડી શકે છે ના જીવને કોઈ રીતથી.

સ્વીકારાત્મક ભૂમિકા થાય ના ભક્તિના વિના,
ગ્રહણાત્મક સંપૂર્ણ થયા વિના, પમાય ના.

સ્વીકારાત્મક ભૂમિકા થતાં પ્રત્યુત્તરાત્મક,
ચેતનાનિષ્ઠનો ભાવ સ્પર્શવા લાગતો તદા,
થવાતાં ત્યાં જતાં યોગ્ય બનાતાં પાત્ર અર્થ તે,
અંતરે ભાવ મેળે શો ફૂટ્યા તે કરતો રહે !
શા ફાંટાબાજ બુદ્ધિનાં દલીલો, તર્ક જ્યાં શમે,
તે ફાંટાબાજ બુદ્ધિના ફાંકા સર્વ જહીં ગળે,
તર્ક પરંપરાયુક્ત વિચારવાનું જ્યાં ટળે,
એવું તો એકલું યોગ્ય સદ્ગુરુપદ પાત્ર છે.
ચાહતા ચાહતા ભાવે एवाने દિલ દિલથી,
તો રાખવાનું સામે ને સામે एने થતું ચહી,
ચાહતાં ચાહતાં ઊંડું હૈયાં જોડાય પ્રેમથી,
હૈયાંની મૈત્રીથી હૈયાં સંધાય એકમેકથી.
પ્રેમસ્વરૂપ एवानुं કોઈથી પરખાય ના,
મળ્યા, ગળ્યા વિના પૂર્ણ પ્રેમમાં, સમજાય ના,
ચાહવું એકલું માત્ર કીમિયો પામવાતણો,
ચાહવું શ્રેષ્ઠ ઉપાય સાધનાપથ ભક્તિનો.
કેવો સદ્ગુરુ પ્રત્યક્ષ તત્પર વર્તવા જ છે,
કિંતુ ત્યાં આપણો સાથ એવો સામેથી જોઈશે,
પ્રયોગાત્મક આ વાતો વર્તતાં સમજાય છે,
એવું ઐક્ય કરી જોતાં જોઈ લ્યો પછી ભાવ તે.
સદ્ગુરુ એકલો માત્ર એકલે હાથ અંતરે
-જો સહકાર હૈયે ના, કરી કૈં શકતો ન તે,
કિંતુ છતાંય સંસ્કાર સદ્ગુરુ ભાવના હૃદે
-સૂક્ષ્મ ચિત્ત વિશે ઊંડા પડ્યા વિના રહે ન તે.
પડેલા તે જ સંસ્કાર, ઉદય વર્તમાન જ્યાં
-સદ્ગુરુ ભાવમાં ત્યારે શું પ્રેરાવાય તેમ ત્યાં !
કૈં જોડાયા વિના બંને હાથ, તાળી ન તે પડે,
તેમ જીવનમાં પાકો પૂરો મેળ થવો ઘટે,
મેળ જામ્યા વિના પાકો હૈયે હૈયાં મળે ન છે,
હૈયે હૈયાં મળ્યાં વિના કામ કૈં ના સધાય છે.

*- શ્રી સદ્ગુરુ પૃ-૧૩૪ થી ૧૩૭*

*(અનુસંધાન પાન ૧૧ નું ચાલુ)*

આઘાત વિશે કે અન્યાયી દેખાતા વર્તન વિશે જે કોઈ સાધક સામાનો દોષ જોશે અથવા શોધવાનું કરશે તો તે કાં તો ખરેખરો સાધક નથી કાં તો તે પ્રસંગ પૂરતો કોઈ ભારે ભ્રમણામાં પડેલો જીવ છે.

ગુરુ પ્રત્યે સાધક સાથે તેની તે તે કાળની જરૂરિયાત, સંજોગો, પરિસ્થિતિ, આદિ જોઈને વર્તતો હોય છે; જેમાં કોઈ પ્રકારની અંગત પક્ષાપક્ષી કે ગણતરીઓ - Considerations - ગુરુને હોતી નથી, તો પણ સાધકો કેટલી વાર પોતાના અહમ્‌ના ને પ્રાણના પ્રેરવ્યા ગુરુના વર્તાવ ઉપર મનમાં ટીકા કરવા, ન્યાય તોળવા બેસી જાય છે. આમાં સાધક પોતાની જાતને, ગુરુને અને સંકળાયેલા સાધકને એમ ત્રણેને અન્યાય કરે છે. સાધકને જ્યારે આવા વલણો ઊઠે ત્યારે તેણે સવિશેષ જાગ્રતિ રાખીને તેમાંથી તરત દૂર થઈ જવાનો મક્કમ પ્રયત્ન કરવો ઘટે છે.

જે જે સાધકો જે એક સાથે સંકળાયેલા હોય તેઓ અરસપરસ મળવાનું થતાં પોતાના અનુભવોથી આપ-લે કરે, કઈ કઈ રીતો ગ્રહણ કરવાથી સાધનાપથે સરળતા સાંપડી છે, તે બધાનો વિનિમય કરે ને એકબીજાનાં ઉત્કર્ષમાં પ્રીતિ ધરાવી ઊલટ દાખવી સંઘબળનો એ રીતે લાભ ઉઠાવે એ ઇચ્છવા યોગ્ય છે.

*"પૂજ્ય શ્રીમોટા જીવન અને કાર્ય"*
*પૃષ્ઠ ૨૨૮થી ૨૩૦*

•

*સાધક જ્યારે એકાગ્રપણે, કેન્દ્રિતપણે, સમગ્રપણે શ્રીપ્રભુને અંતઃકરણથી સર્વ રીતે ને સર્વભાવે એકેએક કરણથી સંપૂર્ણ શરણાગતિ પામે છે. ત્યાર પછી શ્રીભગવાન એની સાધનાનો ભાર પોતાના હસ્તક લેતા હોય છે.*

# ૭. ઉપલબ્ધિ અને ઉપદેશ

- શ્રી કાર્તિકેય અ. ભટ્ટ

શ્રીમોટાના જીવનમાં સૌ પ્રથમ વાર પ્રાર્થનાનો ભાવ પ્રગટ્યો અને નર્મદામૈયાનું પ્રાર્થનાના ભાવે સ્તવન થયું. આ 'નર્મદાગીત'ને વસંતતિલકાના છંદ-ઢાળમાં ફરી વાર ગોઠવીને 'નર્મદાપદે' શીર્ષકથી શ્રીમોટાએ એની પુનર્રચના કરી. સંસ્કૃત ભાષાના વિદ્વાન, ઍમ. ઍસ. યુનિવર્સિટીના ફૅકલ્ટી ડીન રહી ચૂકેલા સ્વ. ડૉ. અરુણોદય જાની લખે છે : 'ભારતીય દર્શન દરેક પદાર્થને ત્રણ સ્વરૂપે વર્ણવે છે : આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક. શ્રીમોટાએ નર્મદામૈયાનાં આ ત્રણે સ્વરૂપોનાં દર્શન કરી તેમને સારી રીતે ઓળખી તેમનું સરળ અને સુગમ ભાષામાં આ સ્તોત્રમાં વર્ણન કર્યું છે. આ સ્તોત્રમાં પૂ. શ્રીમોટાની ભગવાનની દિશા પરત્વેની ખરેખરી ઉત્કટ, મંથનયુક્ત, વિકટ સંગ્રામવાળી ગડમથલની શરૂઆત જોઈ શકાય છે જે 'નર્મદાપદે' સ્તોત્રની નીચેની કડીઓમાં વ્યક્ત થાય છે :

**ઓ મૂર્ખ બાળ તુજને ક્યમ આમ સૂઝ્યું**
**છે ભાન ના કંઈ તને તુજ ભાવિ કેરું**
**છે તારી ભાત જ જુદી જન સર્વથી કો,**
**છે હેતુ કૈંક તુજ જન્મ વિશે પ્રભુનો.**
**જીવો અસંખ્ય જગમાં જીવીને મરે છે,**
**કીડા જ કાદવતણા સમ સૌ રહે તે,**
**તે પંકમાં કમળ કોઈ કદી ઊગે છે,**
**તું શોભશે અવર સર્વથી તેવી રીતે.**
**જે આદર્યો સતત યજ્ઞ ચલાવજે તે,**
**મંજિલ તારી હજી દૂર સુદૂર ક્યાંયે,**
**જેવો પ્રવાહ મુજનો અખંડ વહેતો,**
**તેવું વહી વિલીન તત્ત્વમહીં થઈ જા.**

''શ્રી પ્રભુકૃપાથી શરીરનું ઊગરી જવાનું થતાં આ જીવના જીવનમાં પ્રથમ વાર પ્રાર્થનાનો ભાવ પ્રકટ્યો, અને સર્વથી પ્રથમ ત્યારે આપોઆપ શ્રીનર્મદામૈયાનું પ્રાર્થનાભાવે સ્તવન થયું.

'' 'હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે' તે ભજનમાં 'વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે' એમ છે. તે હકીકતને આપણી હાલની બુદ્ધિ સ્વીકારી શકે એમ નથી.' પૂજ્ય શ્રીએ કહ્યું હતું : 'આમ છતાં શ્રી માલવિયાજીએ આપણી હિન્દુ યુનિવર્સિટીના નિભાવ માટે નાણાંકીય મદદ માટેની ટહેલ નાંખી હતી.' મદદ કરવાની પૂજ્ય શ્રીની તીવ્ર ઇચ્છા હતી પરંતુ વિષમ આર્થિક સ્થિતિમાં આમ થઈ શકે એમ ન હતું. એક દિવસ પૂજ્યશ્રીને કાગળમાં વીંટાળેલી બે વીંટી મળી જેમાં લખાણ હતું :

'આ તારા ઉપયોગ માટે છે.' પૂજ્યશ્રીએ આ વીંટીની રકમ બનારસ-કાશી મોકલી દીધી.

બીજા એક પ્રસંગની વાત કરતાં પૂજ્ય શ્રીમોટા લખે છે : 'એક દિવસ સાંજે અમે બધા કાવેરી નદી કિનારે (કુંભકોણમ) એક સાધુ મહારાજના દર્શને જતા હતા. તે વેળા મારી સાથે ત્યાંના વેપારી હસમુખભાઈ મહેતા, અમદાવાદના નાનુભાઈ ભટ્ટ વગેરે હતા. એક ઠેકાણે ફાટેલા તૂટેલા લૂગડાની પોટલી જેવું મારી નજરે ચડ્યું. તે હાથમાં લઈને ખોલતાં તેમાંથી એક સોનાની કંઠી નીકળી. તેની સાથે તામિલમાં લખાણ હતું : 'તારા ઉપયોગ માટે આ છે.' આ કંઠી હસમુખભાઈએ બજારમાં વેચીને તેની રકમ મને આપી, ને પ્રભુકૃપાથી તેનાથી મારી ભીડ ભાંગી.''

આવા જ બીજા એક પ્રસંગની વાત કરતાં પૂજ્યશ્રી લખે છે : 'એક વખત કરાંચીથી સાબરમતી આશ્રમ પાછો આવ્યો ત્યારે જુલાઈ-ઑગસ્ટ, સપ્ટેમ્બરનો અડધો માસ રોકાવાનું બન્યું હતું. મારે પાછું કરાંચી જવાનું હતું. ક્યારે જવું તે નક્કી ન હતું. એક દિવસ ટપાલીએ આવીને મારા હાથમાં રજીસ્ટર્ડ પાકીટ મૂક્યું. તેમાંથી રૂપિયા ૬૦૫ની નોટો નીકળી અને ઉર્દૂ લિપિમાં લખ્યું હતું, તે મારા સાથી શ્રી કુરેશીસાહેબ પાસે જઈ વંચાવી આવ્યો હતો. તે લખાણમાં એમ હતું કે તારે તારા જન્મદિવસે કરાંચી જવું ને તે પણ ઊડીને જવું એવો હુકમ છે. ચાર સીટનું એક નાનકડું વિમાન ત્યારે જતું તેમાં ટિકિટ મળવી બહુ મુશ્કેલ હતી. બે-ત્રણ વાર તપાસ કરતાં ટિકિટ મળી અને 'હવાઈ જહાજ'માં બેસીને 'પેદાઈશ કે દિન' મુસાફરી કરી.

નર્મદાકિનારે વસતા એક સાધુબાવાએ આપેલા હરિઃૐ જપના રટણથી છ મહિનામાં શ્રીમોટાનો અસાધ્ય રોગ (વઈ, ફેફરું) દૂર થયો. શ્રીમોટાએ નામસ્મરણની વ્યવસ્થિત યોજના કરી હતી. રોજનો એક કલાક એક અઠવાડિયા સુધી નામસ્મરણ કરવું. દર અઠવાડિયે એ નામસ્મરણનો ગાળો વધારતા જવું. આ સંકલ્પ અને વ્યવસ્થા ટકી રહે એ માટે એમણે સંકલ્પ કર્યો હતો કે જે દિવસે ભગવાનનું સ્મરણ કરવાનું ભુલાઈ જાય એ દિવસે આહારનો ત્યાગ કરવો. નામસ્મરણથી રોગ કેવી રીતે મટે છે તથા નિરંતર નામસ્મરણથી કામ, ક્રોધ વગેરે કેવી રીતે મોળા પડે છે એ પૂજ્ય શ્રીમોટાએ વૈજ્ઞાનિક પદ્ધતિથી સ્પષ્ટ કર્યું છે.

શ્રીમોટાએ આ અંગે આપેલી વિસ્તૃત સમજૂતીને સંક્ષિપ્તમાં કોઠારૂપે નીચે પ્રમાણે દર્શાવી શકાય :

પાંચ તત્ત્વોમાંથી - મહાભૂતોમાંથી શરીર બને છે અને તેની પ્રકૃતિ ત્રણ ગુણોથી બંધાયેલી છે.

- **પાંચ તત્ત્વો : (તન્નમાત્રાઓ)**

(૧) આકાશ (શબ્દ) (૨) તેજ (રૂપ) (૩) વા (સ્પર્શ) (૪) જળ (રસ) (૫) પૃથ્વી (ગંધ)

- **ત્રણ ગુણો :** (૧) સત્ત્વ (નિર્મળતા) (૨) રજસ (અત્યંત વેગ) (૩) તમસ (અત્યંત જડતા)

પૃથ્વી અને જળનો સંબંધ તમસ સાથે, તેજ અને વાનો સંબંધ રજસ સાથે અને આકાશનો સંબંધ સત્ત્વની સાથે છે. હવે આકાશ અને શબ્દ બંને ઓતપ્રોત છે. આથી નામસ્મરણ થકી શબ્દ એટલે કે આકાશ એટલે કે સત્ત્વગુણ મોખરે આવે. નિર્મળ એવો સત્ત્વગુણ મોખરે આવે એટલે રજસ અને તમસ ગૌણ બને આથી એને આશ્રિત કામ, ક્રોધાદિ વિષયો પણ ગૌણ બને. 'શબ્દનો કેટલો મોટો ચમત્કાર રેશનલી સમજાવી શકાય !' - ભારતીય આધ્યાત્મિક ક્ષેત્રમાં શ્રીમોટાની આ રજૂઆત વિરલ છે. ગાંધીજીએ શ્રીમોટા પાસેથી આ હકીકત સમજીને શ્રીમોટાને કહેલું, 'તું આધ્યાત્મિક વિજ્ઞાનનો વિજ્ઞાની થઈશ.' આ સમગ્ર ઘટનાનો ગાળો લગભગ ઈ.સ.૧૯૨૩ની આસપાસનો હતો.

*- હરિઃૐ શ્રીમોટા - ઉપલબ્ધિ અને ઉપદેશ*
*પૃ. ૭ થી ૧૦*

•

- *પ્રભુપ્રાપ્તિનો હેતુ કોઈ સ્થૂળ કે સૂક્ષ્મ લાભ મેળવવાનો ન હોવો ઘટે. પ્રભુને ખાતર જ પ્રભુને પ્રાપ્ત કરવાનો છે.*
- *સાધકનું હૃદય ને સદ્‌ગુરુનું હૃદય એ બન્નેનો તદ્દન એકરાગ ને એકમેળ-એ આ સાધનામાર્ગમાં ફતેહની એક સૂક્ષ્મ ચાવી છે.*

- મુકુલ કલાર્થી

### (૧) સાંભળો શ્રીમોટાની વાતો

તમે સૌએ શ્રીમોટાનું નામ સાંભળ્યું જ હશે.
તેમનું નામ તો હતું ચૂનીભાઈ.
પરંતુ સૌ તેમને 'મોટા' કહીને બોલાવતા.
મોટાના પિતાશ્રીનું નામ આશારામ ભગત.
મોટાનાં માતુશ્રીનું નામ સૂરજબા.
વડોદરા જિલ્લામાં સાવલી નામે ગામ.
ઈ.સ. ૧૮૯૮ના સપ્ટેમ્બરની ચોથી તારીખ.
ભાદરવા વદ ચોથ. મોટાનો આ જન્મદિવસ.
આશારામ ભગતને ચાર દીકરાઓ હતાઃ
ચૂનીભાઈથી મોટાભાઈ જમનાદાસ,
ચૂનીભાઈથી નાના મૂળજીભાઈ અને સોમાભાઈ.
આશારામબાપા રંગરેજનો ધંધો કરતા.
આશારામબાપા પછી પંચમહાલ જિલ્લાના કાલોલ નામે ગામમાં રહેવા ગયા હતા,
કુટુંબની સ્થિતિ ગરીબ હતી.
પિતાની કમાણી ઓછી અને કુટુંબ મોટું !
પરંતુ માતા સૂરજબા મહેનતુ હતાં.
ગામનાં સુખી કુટુંબોમાં ઘરકામ કરવા જતાં.
કોઈનું દળણું દળી આપતાં.
ખાંડવાનું પણ કામ કરતાં.
આવું કોઈ ને કોઈ મજૂરીનું કામ સૂરજબા કરતાં હતાં.
એથી કુટુંબને થોડો ઘણો સહારો મળી જતો.
આવા ગરીબ કુટુંબમાં જન્મીને ચૂનીભાઈ 'મોટા' બન્યા.

સાંભળો હવે શ્રીમોટાની પ્રેરક વાતો.

### (૨) 'મારે પણ મોટા માણસ થવું'

આશારામબાપાને હુક્કો પીવાની ટેવ.
એ માટે વારેવારે દેવતા જોઈએ.
એટલે ઘરનાં આંગણાં પાસે હંમેશાં થોડાં છાણાં સળગતાં રાખે.
સાવલી ગામમાં રાતે સિપાઈઓ રોન ફરવા નીકળે.
આશારામ ભગતજીને આંગણે પોરો ખાવા બેસે.
કોઈ સિપાઈ હુક્કાના બે ચાર દમ પણ લગાવે.
એક રાતે બે સિપાઈઓ રોન ફરતાં ફરતાં ત્યાં આવ્યા.
ભગતજી પાસે બેઠા.
વાતવાતમાં એક સિપાઈએ પૂછ્યું.
'અલ્યા ભગત, ઓટલા પર ખાટલામાં આ કોણ સૂતું છે?'
ભગતે જવાબ આપ્યો :
'મહેમાન છે.'
પેલા સિપાઈએ પૂછ્યું.
પોલીસચોકીએ ખબર કેમ નથી આપી ?'
તે જમાનામાં ચોરી કરનાર તરીકે જાણીતી થયેલી કેટલીક કોમો હતી.
તેમને ત્યાં કોઈ મહેમાન આવે, તો એની ખબર ચોકીએ આપવાનો રિવાજ હતો.
એટલે ભગતજીએ કહ્યું: અમારે એવી ખબર આપવાની ન હોય.
એ સાંભળીને કોણ જાણે કેમ સિપાઈનો મિજાજ છટક્યો.
તે ભગતજીને બેફામ મારવા લાગ્યો !
મારતો મારતો પોલીસચૉકીએ ઢસડી ગયો !
કિશોર વયના મોટા ઓટલા પર જ સૂતા હતા.
આ જોઈને તે હેબતાઈ ગયા !

પિતાની આવી દશા જોઈ શકયા નહિ.
એવામાં મોટાને કંઈ સૂઝી આવ્યું.
તે નાગરવાડા ભણી દોડી ગયા.
નાગરવાડામાં રાવસાહેબ મનુભાઈ રહે.
તે ભગતનાં કુટુંબને ઓળખતા.
સૂરજબા તેમનાં દળણાં-ખાંડણાં કરતાં હતાં.
મોટાએ અધરાતે બારણું જોરથી ખખડાવ્યું.
રાવસાહેબ સફાળા જાગી ગયા.
મોટાએ ડૂસકે ડૂસકે રડતાં કહ્યું :
‘સાહેબ, મારા બાપને બચાવો ! સિપાઈએ વાંકગુના વિના બાપને ખૂબ માર્યા !
ઢસડીને પોલીસચૉકીએ લઈ ગયા છે !’
રાવસાહેબે તરત ઘોડાગાડી જોડાવી. મોટાને લઈને તે પોલીસચૉકીએ ગયા.
તેમણે ભગતજીને છોડાવ્યા.
આ બધું જોઈને મોટાને થયું :
‘દુનિયામાં ગરીબની દશા બૂરી છે ! ગરીબને સૌ કોઈ હડધૂત કરે ! તેનું અપમાન કરે !’,
‘આપણે ભલે ગરીબ હોઈએ.’
‘પણ આપણું કોઈ અપમાન ન કરે, એ માટે શું કરવું?’
વિચાર કરતાં મોટાને સમજાયું :
‘તાલુકાના મામલતદારને બધા સલામ કરે,
‘મોટા મોટા નાગરિકો એમને માન આપે’,
‘મારે પણ એવા મોટા માણસ થવું,
‘એ માટે શું કરવું જોઈએ?’
‘ખૂબ ખૂબ ભણવું જોઈએ.’
કિશોર વયના મોટાને ભણવાની લગની લાગી.
ભલે અગવડ પડે.
ભલે દુઃખ ખમવું પડે.
એ બધું વેઠીને આગળ ભણવું.
આવો મક્કમ નિશ્ચય મોટાએ કર્યો.

## (૩) કામ કર્યાનો આનંદ

મોટા ઉમરમાં હતા નાના.
પરંતુ સમજ મોટેરાં જેવી હતી.
બા બિચારી લોકોનાં દળણાં દળે, ખાંડણાં કરે. બીજાને ત્યાં ઘરકામ કરવા જાય.
મોટાને મનમાં થયું. :
‘હું બેસી રહું એ કેમ ચાલે?’
‘ઘરમાં કંઈ મદદ કરવી જોઈએ.’
‘લાવ, હું મજૂરી કરવા જાઉં.’
એક વાર મોટાને ખબર પડી કે, ઈંટવાડામાં મજૂરી મળે છે.
મોટા ત્યાં એકલા પહોંચી ગયા.
દેખરેખ રાખનાર ભાઈએ પૂછયું :
‘અલ્યા છોકરા, અહીં શા માટે આવ્યો છે?’
મોટાએ જવાબ આપ્યો :
‘કામ કરવા’
પેલા ભાઈ બોલ્યા :
‘છોકરા, તારું અહીં કામ નહિ ! તારાથી ગરમ ઈંટો ઉપાડાશે?’
મોટાને કામ જોઈતું હતું. ઘેર મદદ કરવી હતી. એમ હિંમત હારે એવા તે નહોતા. મોટાએ હિંમતભેર કહ્યું :
‘હું ગરમ ગરમ ઈંટો ઉપાડીશ.’
નાના છોકરાનો ઉત્સાહ જોઈને પેલા ભાઈ કહે :
‘અચ્છા, તો આજથી કામે લાગી જા. અડધેથી ભાગી જતો નહિ.’
ઈંટવાડામાં બીજા મજૂરો કામ કરતા હતા. મોટા તેમની સાથે ભળી ગયા.
મોટા સૌની સાથે ગરમ ગરમ ઈંટો ઉપાડવા લાગ્યા.
ઈંટવાડો એટલે ધગધગતી ભઠ્ઠી જ જોઈ લો.
એમાંથી ગરમાગરમ ઈંટો કાઢવી એ રમતવાત નથી.

ગરમ ઈંટો ઉપાડતાં હાથ દાઝી જાય ! કોઈ વાર અંગારાની માફક ચંપાઈ પણ જાય !
નાનકડા મોટા દાઝી તો જાય. પણ પાછી પાની કરે એ બીજા !
મોટા છાનામાના દુઃખ વેઠતા
મોટેરાં માણસોની માફક જ કામ કરતા.
સાંજે કામ બંધ થાય. દેખરેખ રાખનાર ભાઈ બધાની ઈંટો ગણે. ઈંટો પ્રમાણે પૈસા આપે.
મોટા પૈસા લઈ; ઘેર દોડતા જાય.
હથેળીને આંગળાં શેકાઈને-દાઝીને લાલ લાલ થઈ ગયા હોય.
મોટા એને ગણકારે નહિ.
મોટાને તો કામ કર્યાનો આનંદ.
ઘેર થોડી ઘણી મદદ કર્યાનો આનંદ.

*બાળકોના મોટા - નવમી આવૃત્તિ*
*પૃ. ૯ થી ૧૩*

## ગયેલા આત્માને....

(૧) વડોદરા નિવાસી શ્રી સુરેશભાઈ ભટ્ટ (શ્રેયસ વિદ્યાલય)નો દેહાંત તા. ૨૫-૪-૨૦૧૮ના રોજ થયેલ છે.

(૨) ગાંધીનગર નિવાસી શ્રી દિલીપભાઈ અમૃતલાલ શુક્લ, ખેતીવાડી અધિકારીનો દેહાંત થયેલ છે.

(૩) શ્રી અનિલભાઈ દરજીના પિતાશ્રી મગનભાઈ નારણભાઈ પટેલ, ગામ જનોડનો દેહાંત થયેલ છે.

પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે.

## 'હરિઃ ૐ ગુંજ'ને ભેટ આપનારની યાદી

| | | |
|---|---|---|
| (૧) | હરિઓમ ટ્રેડિંગ કું., અમદાવાદ - હસ્તે શ્રી ભરતભાઈ શાહ | રૂ. ૨૫૦૦/- |
| (૨) | શ્રી કાંતિભાઈ મણિભાઈ પટેલ - સારસા, જિ. આણંદ | રૂ. ૭૦૦૦/- |
| (૩) | શ્રી નવનીતભાઈ મણિભાઈ પટેલ ” | રૂ. ૬૦૦૦/- |
| (૪) | શ્રી અંબુભાઈ મણિભાઈ પટેલ ” | રૂ. ૬૦૦૦/- |
| (૫) | શ્રી ભૂપેન્દ્રભાઈ મણિભાઈ પટેલ ” | રૂ. ૬૦૦૦/- |
| (૬) | શ્રી હેમંતકુમાર એન. પાનવાળાના સ્મરણાર્થે દિપાબેન પાનવાળા, અડાજણ, સુરત | રૂ. ૧૧૧૧/- |
| (૭) | સુ. શ્રી મૃદુલાબેન એમ. મુખી | રૂ. ૫૦૦/- |
| (૮) | એક સ્વજન તરફથી | રૂ. ૫૦૦/- |

પૂ. શ્રીમોટાની ચેતના શક્તિએ શ્રી એ. જી. ભટ્ટસાહેબને જે સ્ફુરણ કરાવ્યું એ આ ''મોટા ચરણે''માં છે. આ શ્લોકો ભટ્ટ સાહેબે કોઈ પણ પ્રકારના આયાસ વિના ઉપરથી જે આવ્યા તે રીતે જ ટપકાવી લીધા હતા. પૂ.શ્રીમોટાએ એમના લાક્ષણિક હાસ્ય સાથે મીઠી મજાક કરતાં ભટ્ટ સાહેબને પૂછ્યું હતું. ''આ કોણે લખ્યું ?'' ત્યારે ભટ્ટ સાહેબે જવાબમાં કહ્યું હતું. ''મોટા આપે લખાવ્યું છે. હું તો માત્ર સાધન બન્યો છું.'' સમગ્ર ''મોટા ચરણે''ની રચના બે તબક્કાઓમાં થઈ હતી. પ્રથમ પ્રકાશન પૂજ્ય શ્રીમોટાના અમદાવાદના મણિનગરના ઉત્સવ પ્રસંગે ''પૂજ્ય શ્રીમોટા મંગલ સ્તવન'' નામે થયું હતું. ભટ્ટ સાહેબના મધુર કંઠે તે ઉત્સવમાં ગવાયું પણ હતું.

બીજા તબક્કામાં ત્રણેક વર્ષના ગાળા બાદ ભટ્ટ સાહેબ દ્વારા બીજા શ્લોકો રચાવા લાગતા શ્રીમોટાએ ભટ્ટ સાહેબને ૧૦૯ શ્લોક રચવા કહ્યું હતું. શ્રીમોટાએ કહ્યું હતું, ''આપણા શરીરમાં બધાં મળીને ૧૦૯ કેન્દ્રો આવેલા છે અને ૧૦૯મું કેન્દ્ર તે બ્રહ્મરંધ્ર. એટલા માટે જ માળાના મણકા પણ ૧૦૮ અને ૧૦૯મો માળાનો મેરુ હોય છે.... મેં ''તું જ ચરણે'' લખ્યું ત્યારે શ્રી ગોદડિયા મહારાજને સંભળાવેલું. ત્યારે તેમણે મને આ રહસ્ય કહેલું અને મારી પાસે પણ ૧૦૯ શ્લોકો પૂરા કરાવેલા.'' આ ૧૦૯ શ્લોકો ''મોટાચરણે'' શીર્ષકથી પુસ્તિકા રૂપે પ્રગટ થયાં.

શ્રીમોટાના અંતેવાસી પૂ. શ્રી નંદુભાઈએ કહ્યું હતું ''મોટાચરણે'' આમ તો સદ્ગત પ્રો. એ. જી. ભટ્ટની કલમે સરેલા શબ્દો છે. પરંતુ એ રચના, પછી પૂજ્ય શ્રીમોટાએ એ સાંભળીને એ શબ્દોને સંપૂર્ણ પ્રતિષ્ઠિત કર્યા છે. એથી આજેય સંખ્યાબંધ લોકોને કંઠસ્થ થઈ પૂજ્ય શ્રીમોટાની ઉપાસના માટે સહાયભૂત બની રહી છે'', શ્રી રમેશભાઈ ભટ્ટે કહ્યું હતું, ''આ સ્તવન પ્રત્યેક જીવનું હોવાથી સર્વ કોઈને ઉપયોગી થઈ પડશે. એવી મારી આશા અસ્થાને નથી. એથી એનું પ્રકાશન પણ સાફલ્ય પામશે.''

ભટ્ટસાહેબ દ્વારા રચાયેલી આ સ્તુતિના શ્લોકોમાં એટલું બધું ઊંડાણ છે તથા તે એટલા બધાં અર્થસભર છે કે જેની સ્પષ્ટતા કરવામાં પ્રત્યેક શ્લોકનું વિશ્લેષણ કરવું પડે. જે શ્રી ભટ્ટના સાહેબના પુત્ર શ્રી કાર્તિકેય ભટ્ટ ''આંતરપ્રવેશ'' પુસ્તક દ્વારા આ શક્ય બન્યું છે. હવેથી શક્યતઃ ''હરિઃૐ ગુંજ''ના પ્રત્યેક અંકમાં ક્રમાનુસાર શ્લોકનું વિશ્લેષણ રજૂ કરવાનો ઉપક્રમ રાખ્યો છે. આ સ્તુત્ય પ્રયાસ સર્વે વાચકોને ગમશે.

- માનદ્તંત્રીશ્રી

## હરિઃૐ

## પ્રા. એ.જી. ભટ્ટકૃત મોટાચરણે : આંતરપ્રવેશ

**મોટા ! તમારી પ્રતિમા અહીં જે સમક્ષ મારી વિલસી રહી છે**
**તે ચિન્મયીનાં નયનાંબુજોમાં કારુણ્યગંગા છલકી રહી છે. ૧**

***મોટા ! અહીં મારી સમક્ષ તમારી જે પ્રતિમા વિલસી રહી છે તે ચિન્મયીનાં નયનાંબુજોમાં કારુણ્યગંગા છલકી રહી છે.***

**તે પ્રેરણામૂર્તિ રહું નિહાળી, તે ચક્ષુમાં ચક્ષુ રહું પરોવી**
**તે હ્રત્સરોજે સ્પર્શી હું યાચું, 'ના રાખજો આ મુજ પાત્ર કાચું'. ૨**

***હું તે પ્રેરણામૂર્તિ[ને] નિહાળી રહું [છું], તે ચક્ષુમાં ચક્ષુ પરોવી રહું [છું]. તે હૃત્સરોજે [= હૃદયકમળને] સ્પર્શી[ને] હું યાચું છું [કે] મુજ આ પાત્ર કાચું ના રાખજો.***

'મોટાચરણે' સ્તોત્રની રચના થઈ ત્યારે મારા પૂજ્ય, પ્રાતઃસ્મરણીય પિતાજી શ્રી એ.જી.ભટ્ટે આ સ્તોત્રના શ્લોકમાં લખ્યું હતું : 'મોટા ! તમારી પ્રતિમા અહીં જે, સમક્ષ ભીંતે લટકી રહી છે;' મોટાના નિકટના સ્વજનોની વિનંતીને ધ્યાનમાં લઈને આ શ્લોકમાં, 'મોટા ! તમારી પ્રતિમા અહીં જે, સમક્ષ મારી વિલસી રહી છે;' એવો ફેરફાર કર્યો હતો. ભટ્ટ સાહેબનો આ સુધારો અતિ મહત્ત્વનો અને સૂચક છે. શ્રીમોટાએ પોતાના ફોટા વિશે કરેલી ટિપ્પણી નોંધનીય છે :

''મારા ફોટાનું ભલા શું કરશો ? મને એ પસંદ નથી... પહેલાં તો હું [ફોટો] પડાવતો જ ન હતો. પણ એ આગ્રહ મેં હવે છોડી દીધો છે. તમને જ્યારે દિલ ચાહે ત્યારે તમારી આંખો સમક્ષ શું હું આવી શકતો નથી કે ફોટાની જરૂર પડે ? એની પાછળના તમારા પ્રેમની, ઊર્મિની કદર હું નથી કરી શકતો એવું નથી, પણ એ નકામું. મનને એવામાં ન પડવા દેવું. મન એવું કરે તોયે એને કહેવું : 'જેના ફોટાની તું ઇચ્છા કરે છે એને જ્યારે જોવો હોય ત્યારે મનની આંખો સામે તો આણી શકાય એમ છે જ ને ! પછીથી એ સ્થૂળની શી જરૂર છે ? સ્થૂળને આપણે ઉત્તેજન આપવું નહિ.'

આ શ્લોકમાં ભટ્ટસાહેબ લખે છે : 'તે ચિન્મયીનાં નયનાંબુજોમાં, કારુણ્યગંગા છલકી રહી છે.' સત્, ચિત્ અને આનંદસ્વરૂપ શ્રીમોટા કરુણાના સાગર છે. સંત કહો, જ્ઞાની કહો, મુક્તાત્મા કહો, અનુભવી પુરુષ કહો, આવી કક્ષાની કોઈ પણ વ્યક્તિ કરુણાસભર જ હોય છે. આ સંદર્ભમાં ભટ્ટ સાહેબ અને શ્રીમોટા વચ્ચે થયેલો વાર્તાલાપ નોંધવા યોગ્ય છે :

**ભટ્ટ સાહેબ :** સંતપુરુષો જે જીવનો કૃપાપૂર્વક હાથ ઝાલે છે તે જીવ તેની ઘણી અનિચ્છા હોવા છતાં કોઈ વિચિત્ર સંસ્કારોને વશવર્તી અઘટિત વિચાર કે વર્તન કરે તો સંતપુરુષ એને છોડી દે ? અથવા અસહ્ય શિક્ષા કરે એવું બને ખરું ?

**શ્રીમોટા :** આમાનું કશું જ ન કરે. કારણ કે એ સમજે છે કે આ એની પ્રકૃતિ છે, આ સંસ્કાર છે. એટલે આ રીતે જ એ વર્તે. બાળક ગમે ત્યાં હગી દે તો આપણે એને મારીએ છીએ ? એવી રીતે સંતપુરુષો ન તે એને છોડી દે ન તો કોઈ શિક્ષા કરે.

**ભટ્ટ સાહેબ :** જીવ પોતાની અશક્તિનું નિવેદન સંતપુરુષ પાસે કર્યા કરે તો ?

**શ્રીમોટા :** આ નિવેદનમાં Sincerity, honesty, devotion હોય તો ક્રમશઃ સ્ખલન ઓછાં થતાં જશે અને પછી થશે જ નહિ. ભક્તિના નવ પ્રકારમાં આત્મનિવેદન પણ છે. મેં પોતે આત્મનિવેદનનો બહુ મોટો આધાર લીધો હતો.

પૂજ્ય શ્રીમોટાના ઉપરોક્ત વાર્તાલાપના સંદર્ભમાં શ્રી શ્રીમા આનંદમયીએ કહેલી વાત અત્રે ટાંકવા યોગ્ય છે : ''ઘણી વખત જોવા મળે છે કે મહાપુરુષો તેમના અનુયાયીજનોના કલ્યાણ માટે જે આદેશ કરતા હોય છે, તેનું અનુયાયીઓ પાલન કરતા નથી હોતા. તેનું શું પરિણામ આવે છે તે જાણો છો ? આદેશનું ઉલ્લંઘન

કરી તેઓ જે અપરાધ કરે છે તેનું ફળ ભોગવવાને લીધે મહાપુરુષોનાં શરીર ઉપર તેની કલંકિત અસર થતી હોય છે. પરિણામે ક્યારેક તેઓ બીમાર પડી જતા હોય છે. છતાં જો કોઈ શક્તિશાળી મહાપુરુષ હોય તો તેઓ અપરાધનું સમગ્ર દુષ્પરિણામ હજમ કરી જતા હોય છે. તે વખતે બાહ્ય લક્ષણ કોઈ પ્રગટતું નથી. વળી આ શક્તિશાળી મહાપુરુષોમાં બધું જ હજમ કરવાની શક્તિ હોવા છતાં તેઓ ઘણી વખત અપરાધીના કલ્યાણ માટે પોતાના શરીર ઉપર અપરાધના ફળની પ્રતિક્રિયા દર્શાવે છે. જેમ કે ગૌરાંગ મહાપ્રભુ જગાઈ-મધાઈનાં પાપ ગ્રહણ કરી કૃષ્ણવર્ણ બની ગયેલા. વળી ક્યારેક બને તો તેઓ બધો આઘાત જ પોતે સહી લે. અપરાધીને એની જાણ પણ ન થવા દે. વળી ક્યારેક અપરાધીને ખબર પડે છતાં તેઓ એ માટે દુઃખી થતા નથી કે લગારે ધ્યાન પણ આપતા નથી. આવું તો કેટલુંય બને છે.'

પૂજ્ય શ્રીમોટા કહેતાં કે તેઓ ગમે તેવા પાપાચરણ કરનારા ભક્તોનો ક્યારેય અનાદર કરતા નથી. શ્રીમોટાના શરીરમાં અનેક રોગો હતા. શ્રીમોટા કહેતા કે આ રોગ તેમના સત્સંગીઓ સાથેના તાદાત્મ્યને કારણે તેમનામાં આવી જતા હતા.

બીજા શ્લોકમાં ભટ્ટ સાહેબ અંતરમાં વસી ગયેલી ગુરુદેવની પ્રેરણામૂર્તિના દર્શન કરે છે તથા જેનાં નયનોમાં કારુણ્યગંગા છલકી રહી છે એવા ગુરુદેવની આંખોમાં પોતાની આંખ પરોવી મનોમન પ્રાર્થે છે : 'મને પ્રભુપ્રાપ્તિ માટેની પાત્રતા આપજો.' અહીં બીજી એક વાત નોંધવા યોગ્ય છે. ગુરુ અથવા મહાત્મા કોઈ શ્રેયાર્થી, જિજ્ઞાસુ કે મુમુક્ષાની આંખમાં આંખ પરોવીને જુએ છે ત્યારે તેઓ તે દ્વારા પોતાની શક્તિ એનામાં સંક્રાંત કરે છે. એને આપણે દીક્ષા કે દૃષ્ટિદીક્ષા પણ કહી શકીએ. શ્રી શ્રીમા આનંદમયીની પરાવાણીની સમજૂતી આપતાં મહામહોપાધ્યાય શ્રી ગોપીનાથ કવિરાજ દીક્ષા સંબંધી લખે છે : ''દીક્ષાના બે પ્રકાર છે : બાહ્યદીક્ષા [ક્રિયાદીક્ષા] અને આંતરદીક્ષા [વેધદીક્ષા] બાહ્યદીક્ષા અથવા ક્રિયાદીક્ષામાં હોમ વગેરે બાહ્યક્રિયાની જરૂર પડે છે, જ્યારે આંતર અથવા વેધદીક્ષામાં બાહ્ય ઉપકરણોને બદલે તેજ, વાયુ, આકાશ અને મનની આવશ્યકતા રહે છે. ગુરુની કરુણાપૂર્ણ દૃષ્ટિથી [તેજ] દૃષ્ટિદીક્ષા અપાય છે. એ જ રીતે સ્પર્શ દ્વારા, મંત્ર દ્વારા, મન દ્વારા દીક્ષા અપાય છે, જેને અનુક્રમે સ્પર્શદીક્ષા, મંત્રદીક્ષા અને ધ્યાનદીક્ષા કહે છે.''

• • •

**તમે પ્રભો ! પારસ લોહ હું છું, સુવર્ણ થાવા તમને અડું છું,**
**છું કોલસો અગ્નિ તમે કૃપાળુ, હું અગ્નિ થાવા તમને અડું છું.** ૩

***પ્રભો ! તમે પારસ [છો], હું લોહ છું; સુવર્ણ થાવા હું તમને અડું છું; હું કોલસો છું. કૃપાળુ તમે અગ્નિ છો; અગ્નિ થાવા હું તમને અડું છું.***

મોટાચરણેના આ શ્લોકમાં મુમુક્ષુ કહે છે કે ગુરુદેવ શ્રીમોટા પારસ છે અને પોતે લોખંડ છે. એમ કહેવાય છે કે પારસમણિના સ્પર્શમાત્રથી લોખંડ સુવર્ણ થઈ જાય છે. મુમુક્ષુ ભટ્ટસાહેબ પોતાની જાતને કોલસા તરીકે અને ગુરુવર્યને અગ્નિ તરીકે વર્ણવે છે. જો કોલસાને અગ્નિનો સ્પર્શ થાય તો કોલસો પણ અગ્નિનું રૂપ ધારણ કરે છે. એ રીતે ગુરુરૂપી અગ્નિના સ્પર્શમાત્રથી શિષ્યરૂપી કોલસો જીવદશાની સર્વ મર્યાદાઓને ઓળંગીને પોતાના સ્વ-રૂપની, પોતાના આત્માની ઓળખ કરી લે છે.

વેદાંતી કવિ અખો કહે છે :

**'જે ગુરુભેદ પામ્યો, તે નર માયાનું મળ વામ્યો,**
**જ્યમ પારસ પરસે જે ધાતુને, તે આપ ટળી થાય સોનું**
**ત્યમ સદ્‌ગુરુ પારસ વડે જે નર નીપજ્યા, કારણ પ્રીછિયું જેણે ગુરુનું.'**

પારસમણિ જે ધાતુને સ્પર્શે છે તે ધાતુ સુવર્ણમાં ફેરવાઈ જાય છે તેમ સદ્‌ગુરુરૂપી પારસ જેને સ્પર્શે છે તે નર ગુરુએ ઉપદેશેલા જગતના કારણ સ્વરૂપ બ્રહ્મને જાણી બ્રહ્મ બને છે. આદિ શંકરાચાર્ય ગુરુને પારસમણિ કરતાં પણ ઊંચી કક્ષાએ મૂકે છે. તેઓ કહે છે : ''જ્ઞાન પ્રદાન કરનાર સદ્‌ગુરુને સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ એ ત્રણેય લોકમાં કોઈ ઉપમા આપી શકાય તેમ નથી. ગુરુદેવને જો પારસમણિ માનીએ તો એ પર્યાપ્ત નથી, કારણ કે પારસમણિ તો લોઢાને માત્ર સોનું બનાવે છે; પોતાના જેવો પારસમણિ બનાવતો નથી. જ્યારે સદ્‌ગુરુ તો પોતાના ચરણનો આશરો લેનાર શિષ્યને પોતાના જેવો જ બનાવે છે. આથી ગુરુદેવ નિરુપમ છે. ગુરુદેવની કોઈ ઉપમા નથી; અથવા તો તેઓ અલૌકિક છે.'' 'મોટાચરણે'ના ૧૦૩મા શ્લોકમાં ભટ્ટ સાહેબે આવી જ વાત કરી છે : 'આ લોહ ના માત્ર સુવર્ણ થાશે, થયા વિના પારસ તે ન રહેશે.'

ભટ્ટ સાહેબના આ શ્લોકમાં બીજી પણ એક વાત નોંધવા યોગ્ય છે. ભટ્ટસાહેબ લખે છે : 'છું કોલસો અગ્નિ તમે કૃપાળુ, હું અગ્નિ થાવા તમને અડું છું.' આનો અર્થ એ થયો કે કોઈ પણ વ્યક્તિમાં પરમતત્ત્વ વિલસી રહ્યું છે, તેને માત્ર ગુરુના સ્પર્શથી જગાડવાની જરૂર છે. કોલસામાં પણ અગ્નિતત્ત્વ છે, પણ કોલસાને તેની ખબર નથી. ગુરુના સ્પર્શ અને ઉપદેશ દ્વારા તે તેને જાણી શકે છે. જેવી રીતે ઘેટાંના ટોળામાં ઉછરતા સિંહના બચ્ચાને 'બેં બેં' કરતો જોઈને એક સિંહે તેને કૂવા પાસે લઈ જઈને કૂવાના પાણીમાં પ્રતિબિંબમાં તેનું મુખ બતાવ્યું અને કહ્યું કે તું પણ મારી જેમ સિંહ જ છે, જો. પોતાના પ્રતિબિંબને પાણીમાં જોઈને સિંહના બચ્ચાને પોતે કોણ છે તેનો ખ્યાલ આવી ગયો અને 'બેં બેં' કરવાને બદલે એક મોટી ત્રાડ પાડીને સિંહની સાથે ચાલી નીકળ્યું.

અહીં બીજો એક પ્રસંગ નોંધવાની ઇચ્છા થાય છે : ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર ઠાકુર શ્રી રામકૃષ્ણને મળે છે. પોતાને ત્યાં તેમણે ઠાકુરની પધરામણી કરાવી હતી. ઠાકુરની આ મુલાકાતના બરાબર ૧૯ દિવસ પછી [૨૪ ઑગસ્ટ ૧૮૮૨] ઠાકુરે માસ્ટર મહાશયને કહ્યું હતું : ''હવે બેએકવાર વધારે ઈશ્વર વિદ્યાસાગરને મળવાની જરૂર. ચિત્રને એકવાર ઉપર ઉપરથી રેખાઓ માત્ર દોરી લઈને પછી બેઠાં બેઠાં રંગ પૂરે. પ્રતિમા બનાવતી વખતે પ્રથમ માટીનો એક આકાર, પછી માટીનો બીજો હાથ, ત્યાર પછી રંગ - એમ એક પછી એક કરવાં જોઈએ. ઈશ્વર વિદ્યાસાગરનું બધું તૈયાર છે, માત્ર દબાઈ રહ્યું છે; કેટલાંક સદ્‌કાર્યો કરે છે, પણ અંતરમાં શું છે તે જાણતા નથી. અંતરમાં સોનું દબાયેલું પડ્યું છે. અંતરમાં ઈશ્વર છે એ જાણી શકાય તો બધાં કામ મૂકીને વ્યાકુળ થઈને તેને સ્મરવાની ઇચ્છા થાય.''

• • •

**તમે સખા ! સાગર સ્રોત હું છું, સમુદ્ર થાવા તમને અડું છું;**
**સંદીપ્ત છો જ્યોત દિવેટ હું છું, હું દીપ થાવા તમને અડું છું. ૪**

***સખા ! [= હે મિત્ર !] તમે સાગર છો, હું સ્રોત [= નદી] છું; સમુદ્ર થાવા હું તમને અડું છું; [તમે] સંદીપ્ત [= પ્રકટેલી] જ્યોત છો, દીપ થાવા હું તમને અડું છું.***

આ શ્લોકમાં ભટ્ટ સાહેબ પોતાને નદી સ્વરૂપે અને શ્રીમોટાને સાગર તરીકે વર્ણવે છે. ગુરુની કૃપા થકી ગુરુમાં ભળી જવાની, ગળી જવાની શુભેચ્છા- અભીપ્સા સેવે છે.

સાગરમાં મળી ગયા પછી નદી, નદી રહેતી જ નથી. અલગતાનો ભાવ દૂર થતાં શ્રેયાર્થી પોતાના સ્વ-રૂપને ઓળખી જાય છે, પામી જાય છે. શ્રી રમણ મહર્ષિ કહે છે કે વરસાદનું પાણી સમુદ્રમાં પહોંચી વિશ્રાંતિ મેળવે ત્યાં સુધી ઝરણાં કે નદીરૂપે પર્વતો પરથી નીચાણવાળી જમીનમાં વહેતું રહે છે. બીજી કડીમાં ભટ્ટ સાહેબ લખે છે કે ગુરુસ્પર્શ પ્રકટેલી જ્યોત છે અને પોતે દિવેટ છે. ગુરુના સ્પર્શથી પોતે પણ જ્ઞાનરૂપી દીપક થવા ઇચ્છે છે. એક ગીતમાં કહેવાયું છે : ''ज्योत से ज्योत जलाते चलो, ज्ञान की गंगा बहाते चलो...'' પ્રત્યેક વ્યક્તિમાં આત્મતત્ત્વ રહેલું છે. જરૂર છે એને જાગૃત કરવાની. જે ગુરુરૂપી જ્યોતથી થઈ શકે.

શ્રી રમણ મહર્ષિ સમજાવે છે કે : ''અત્યારે તમે તમારા પોતાના શરીર સાથે તાદાત્મ્ય કરો છો, તેથી વિચારો છો કે તમે ચૈતન્ય કે સાચા આત્માથી અલગ છો.'' આ ખોટું તાદાત્મ્ય ગુરુની કૃપા થકી, ગુરુએ દર્શાવેલ ઉપાય થકી દૂર થાય છે અને પોતે દેહ નહિ આત્મા છે એવી સમજણ પ્રાપ્ત થાય છે.

• • •

**હું બધ્ધ છું મુક્ત વિભો ! તમે છો, હું મુક્ત થાવા તમને નમું છું.**
**ડૂબું જળે સિંધુ તમે તર્યા છો, 'તારો મને' - એ સ્તુતિ હું કરું છું. ૫**

***વિભો ! [= હે સર્વવ્યાપી !] હું બદ્ધ છું, તમે મુક્ત છો; મુક્ત થવા હું તમને નમું છું.***
***તમે સિંધુ તર્યા છો, [પણ હું તો] જળે ડૂબું [છું.] [તેથી] 'મને તારો'– એ સ્તુતિ હું કરું છું.***

'હું બદ્ધ છું, વિભો ! તમે મુક્ત છો, હું મુક્ત થાવા તમને નમું છું.' શિષ્ય પોતાને બદ્ધ માનીને ગુરુ સમક્ષ ગુરુની પેઠે, મુક્ત થવાની પ્રાર્થના કરે છે. વાસ્તવમાં નથી બંધન કે નથી મુક્તિ. 'અમુક મારી પત્ની છે, અમુક મારાં બાળકો છે અને તેથી તમે એમ પણ વિચારો છો કે તમે એમનાથી બંધાયેલા છો. વિચારો તમારા છે. તમે આ વિચારને જાળવી રાખી શકો છો. અથવા એમનો ત્યાગ કરી શકો છો. વિચારોને વળગી રહેવું બંધન છે અને ત્યજવું મોક્ષ છે. શ્રી રમણ મહર્ષિ સમજાવે છે : ''વિચારી શકો એ માટે તમારું અસ્તિત્વ આવશ્યક છે. તમે આ કે બીજા વિચારો કરી શકો છો. વિચારો બદલાય, તમે નહિ. પસાર થતા વિચારોને જવા દો અને સ્થાયી રહેતા આત્માને વળગી રહો. બંધન વિચારોનું બનેલું છે. એમને ત્યજી દેવામાં આવે એ મોક્ષ છે. તેથી મોક્ષ કે મુક્તિ માટે બહારનો ઈલાજ શોધવો જરૂરી નથી. એ તમારા અધિકારની વાત છે કે વિચારોને વળગી રહી બંધાયેલા રહો કે વિચારોને ત્યજી મુક્ત થાઓ.''

બંધન અને મુક્તિને સ્પષ્ટ કરવા માટે મહર્ષિ ભગવદ્ગીતાનો સંદર્ભ આપે છે : ''ભગવદ્ગીતાનો પ્રારંભ શી રીતે થયો છે ? 'હું ન હતો એમ નહિ, તું અને આ રાજાઓ ન હતા એમ નથી વગેરે' એ આત્મા કદી પણ જન્મતો કે મરતો નથી વગેરે.'' તેથી જન્મ કે મરણ નથી... સત્ય હતું, છે અને રહેશે, એ અવિકારી છે, પાછળથી અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું કે તેઓ વિવસ્વાન પહેલા શી રીતે જીવતા હોઈ શકે, પછી શ્રીકૃષ્ણે જોયું કે એ એમને ભૂલથી સ્થૂળ શરીર માને છે, એટલે એ પ્રમાણે [= પોતે શરીર હોય એવી રીતે] બોલવા લાગ્યા. ઉપદેશ એને માટે છે જે વિવિધતા જુએ છે. હકીકતમાં જ્ઞાનીની દૃષ્ટિથી એના માટે કે બીજાઓ માટે બંધન કે મોક્ષ નથી. આત્માનું શરીર સાથેનું તાદાત્મ્ય ખરું બંધન છે. આ જૂઠા વિચારને ત્યાગી દો અને અંતર્દૃષ્ટિથી સત્યને નિહાળો.

શ્રીમોટા શરીર સાથેના ખોટા તાદાત્મ્યને પોતાના ગુરુની કૃપાથી ત્યજીને મુક્ત થયા. એવી રીતે મુમુક્ષુ પણ શ્રીમોટાને પ્રાર્થે છે જેવી રીતે તેઓ સંસારરૂપી કે સિંધુને તરી ગયા છે એ રીતે પોતાને પણ આ બંધનરૂપી ખોટા ખ્યાલથી મુક્ત કરાવે.

*(ક્રમશ:)*

**"ચરણનો આશરો જબ્બર મળ્યો જીવન વિશે જેને,**
**બધી રીતે જ નિશ્ચિંત, પૂરેપૂરો રહે છે તે !"**

જીવન અનુભવ ગીત, પ્ર.આ.પૃ. ૨૬૫ —શ્રીમોટા



- **૨૬-૦૭-૨૦૧૮ ગુરુવાર** — **ગુરૂ પૂર્ણિમા પર્વ**
  સાંજના ૬-૦૦ થી ૭-૩૦ સુધી પ્રસાદ
  રાત્રિના ૮-૦૦ થી સવારના ૪-૦૦ વાગ્યા સુધી હરિઃઓમ ધૂન
- **૨૭-૦૭-૨૦૧૮ શુક્રવાર** — **ગુરૂ પૂર્ણિમા**
  સવારે ૭-૩૦ થી ૮-૦૦ ચા નાસ્તો
  સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ નામસ્મરણ, પ્રાર્થના, ભજન, આરતી
  સવારે ૧૦-૦૦ થી ૧૦-૩૦ ગુરુવંદના અર્પણવિધિ
  સવારે ૧૦-૩૦ થી ૧-૦૦ મહાપ્રસાદ

**સ્થળ**

**હરિઃ ૐ આશ્રમ**

દખ્ખણીયો ઓવારો, શેઢી નદીના કાંઠે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

મોબાઈલ : ૭૮૭૮૦ ૪૬૨૮૮

**ગુરૂ પૂર્ણિમા પર્વના યજમાન સર્વેશ્રી**

૧. **સ્વ. શ્રીમતી સરસ્વતીબેન ગુણવંતલાલ ઠક્કર – અમદાવાદ**

૨. **શ્રી નચિકેતનભાઈ ઈન્દુકુમાર દેસાઈ – અમદાવાદ**



# ગુરુપૂર્ણિમા મંગલાષ્ટક

(શાર્દુલવિક્રીડિત)

શીળી ચેતન ચાંદની વરસતી આજે ગુરુપૂર્ણિમા,
અંધારા જીવને પ્રકાશ ભરતી તારી ગુરુચેતના.
આજે હો ગુરુવર્યને હૃદયના ભાવોર્મિની વંદના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૧

તારો નિર્મળ સંગ-સાથ જીવને ઉર્ધ્વે ગતિ પામવા,
તારી ગોદ હૂંફાળને શુભ સદા શાંતિપ્રદા મોક્ષદા.
મીઠીને કરુણામયી તવ કૃપા પ્રેમાગ્નિ કેરી શિખા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૨

તારા પાવક સ્પર્શથી હૃદયમાં જાગો પ્રભુઝંખના,
અજ્ઞાની જડતાભર્યાં જીવનમાં હૈયે વહો ભાવના.
ઊર્ધ્વારોહણ હો સદા જીવનનું આ નિમ્ન સંસારમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૩

સંસારે તરતી રહો જીવનની નૌકા પદે પ્રાર્થના,
ડૂબું ના ગુરુદેવ ! આ ભવજલે અગાધ ઊંડાણમાં.
દ્વંદ્વોથી ભરપૂર આ જીવનમાં પ્રેમૈક્યતા પામ્યા,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૪

કેવી આ મન-પ્રાણ ને તન તણી લાખો ઊઠે કામના,
સંસારી સૌ ક્ષુદ્ર શુષ્ક સુખની હૈયે જલે વાસના.
મેલી આ મનની ગતિ શમી જજો તારા ઊંડા ભાવમાં,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૫

કોટિ કોટિ કરું સદા ગુરુપદે ભાવોર્મિની વંદના,
પૂજા હો પદપંકજે હૃદયની પુષ્પો ખીલ્યાં ભાવનાં.
તારા મંગલ સંગથી જીવનમાં જાગો પ્રભુઝંખના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૬

દેજો હે ગુરુદેવ ! આજ દિલની કલ્યાણકારી દુવા !
પ્રકૃતિ મમ નિમ્ન ઉર્ધ્વ કરજો તારી કૃપા-ચેતના.
જન્મોજન્મ ભજું પ્રભુચરણને વગે થજો સાધના,
ઊગી શી ગુરુપૂર્ણિમા પ્રભુપથે મુક્તિપ્રદા મંગલા. ૭

હૈયાના ગુણભાવની તવ પદે અર્પું ગુરુદક્ષિણા,
વ્હેજો આ ગુરુભાવગંગ હૃદયે એવી પદે પ્રાર્થના.
ચેતાવી શુભ પ્રેમયજ્ઞ જીવને તારી કરું અર્ચના,
આહુતિ દઈને સદાય દિલની પામું તને સર્વદા ! ૮

**પ્રિન્ટેડ મેટર**

**પ્રકાશક :**
**હરિઃૐ આશ્રમ,**
**પોસ્ટ બોક્ષ નં. ૭૪**
**નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ., અમદાવાદ-૩૮૦૦૨૨.**